વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૧૦ અંક : ૩, માર્ચ - ૨૦૧૯



**વહાલા તારા ચરણકમળનુ ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ**

- સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી







**કલોલ** મુકામે પૂ.પ્રેમસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત રજતજયંતિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત માન.શ્રી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી, ચેરમેનશ્રી દેવપ્રકાશ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.નૌતમ સ્વામી વગેરે પૂ.સંતો-ભક્તો.તા.૫/૧/૨૦૧૯





**સુરત** મુકામે શ્રી ધનજીભાઈ રાખોલીયા (અકાળાવાળા)નાં નૂતન નિવાસનાં ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવપ્રકાશ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી તથા વડીલ સદ્‌ગુરૂ પૂ.સંતો એવં ભક્તો.તા.૨૪/૧/૨૦૧૯








**માણેજ (તારાપુર)** મુકામે પૂ.શુકદેવ સ્વામી, પૂ.હરિકેશવ સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.બાપુ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૧ થી ૧૭/૨/૨૦૧૯





*લંડન* મુકામે વડતાલધામ-યુ.કે.ના નિર્માણાર્થે સત્સંગ પ્રવાસે પધારેલા ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.નૌતમ સ્વામી,
આ.કો.શ્રી સંત સ્વામી, પા.પરેશભગત એવમ્ ભૂમિદાતા દિલિપભાઈ અમીન તથા કથાવાર્તાનો લાભ લેતાં ભક્તજનો. ૨૮/૧ થી ૮/૨/૨૦૧૯











*વાસદ* મુકામે પૂ.કે.કે.શાસ્ત્રી સ્વામી દ્વારા પૂ.વિશ્વવલ્લભ સ્વામી (રૂસ્તમબાગ-સુરત)ના વક્તાપદે આયોજીત
રજતજયંતિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી,પૂ.લાલજી મહારાજશ્રી,
ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી વગેરે સંતો-ભક્તો. ૧૩ થી ૧૯/૨/૨૦૧૯





*વડતાલધામ* મુકામે સદ્‌ગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામીના ૨૩૮ મા પ્રાગટ્યદિન નિમિત્તે ભક્તિયજ્ઞ-સત્સંગસભા. તા.૧૩/૨/૨૦૧૯



**વડોદરા** વાડી મુકામે પૂ.જગતપાવન સ્વામી દ્વારા આયોજીત દિવ્ય શાકોત્સવ એવં સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામીના ૨૩૮ મા પ્રાગટ્યદિન પ્રસંગે સત્સંગસભા-નૂતન ઉતારા,પાર્કીંગ વગેરેનું ઉદ્‌ઘાટન કરતાં ચેરમેનશ્રી દેવ સ્વામી, પ.પૂ.શ્રી દ્વારકેશલાલજી મહારાજ, પૂ.નૌતમ સ્વામી વગેરે સંતો તથા વિધાનસભાનાં અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી તા.૧૩/૨/૨૦૧૯



**નારણપુરા અમદાવાદ** મુકામે પૂ.હરિઓમ સ્વામી દ્વારા આયોજીત રજતજયંતિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી,આ.કો.શ્રી સંત સ્વામી તથા સંતો-ભક્તો. તા.૧૪/૨/૨૦૧૯



**વડતાલધામ** મુકામે પ્રસાદીનો કૂવો (જ્ઞાનકૂપ)નાં જીર્ણોધ્ધાર કાર્યનો પ્રારંભ કરતાં પૂ.ગોવિંદ સ્વામી,આ.કો.શ્રી સંત સ્વામી,પૂ.મુનિ સ્વામી વગેરે પૂ.સંતો. તા.૧૬/૨/૨૦૧૯



Web Site :
**www.vadtalmandir.org**

E-mail address :
**vadtaldhamvikas@gmail.com**

## Subscription

(india)

5 Year ₹. 250/-

20 Year- ₹. 500/

For Other Countries

(airmail) ₹. 6750/-

**Year - 10**
**Volume - 3**
**March - 2019**

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# Shree Vadtaldham Satsang

## અનુક્રમણિકા


**૧. વડતાલધામઃ એક ઈતિહાસ (ભાગ - ૭)**

શ્રી હરિની કૃપા થકી વડતાલ બન્યું ઉત્સવ સમૈયા તીર્થ

લેખક : પ્રો. હરેન્દ્ર ભટ્ટ , વિદ્યાનગર ૦૬

**૨. સત્સંગ સમાચાર**

**સંકલન - સાધુ શ્યામવલ્લભદાસ - વડતાલ** ૨૨

૩. વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય

શ્રીરાકેશપ્રસાદજી મહારાજશ્રીનું સત્સંગ વિચરણ ૩૨

૪. સંપ્રદાયના આગામી કાર્યક્રમ ૩૬



**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Shree Ghanshyamprakashdasji Swami Guru Kothari Shri Nandkishordasji Swami **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone:** (0268)2589728,776

# વડતાલધામ : એક ઈતિહાસ (ભાગ - ૭)

લેખક : પ્રો. હરેન્દ્ર ભટ્ટ - વિદ્યાનગર

## શ્રી હરિની કૃપા થકી વડતાલ બન્યું ઉત્સવ સમૈયા તીર્થ

। વિજયા દશમીની ઉજવણી ।
। તમામ અગિયારશની ઉજવણી ।
। જલઝિલણી એકાદશી ।
। પ્રબોધની એકાદશી ।
। રામનવમી ઉત્સવ (સાત વખત) ।
। જન્માષ્ટમી ઉત્સવ ।
। અન્નકૂટ ઉત્સવ / દિવાળી ઉત્સવ ।
। હિંડોળા લીલા ।
। પુષ્પદોલોત્સવ (ચાર વખત) ।
। રથયાત્રાનો ઉત્સવ ।
। યજ્ઞોપવિત સંસ્કારવિધિ ।
। ગોમતીજી ગળાવ્યાં ।
। વસંતપંચમીની ઉજવણી ।
। શ્રી હરિની જળક્રીડા ।
। શ્રી હરિની ભોજન લીલા ।
। આચાર્યપદ સ્થાપનનો ઉત્સવ ।
। ઈચ્છારામભાઈની વરસી વાળી ।
। સત્સંગિજીવન જ્ઞાનયજ્ઞઃ સંપ્રદાયનું પ્રથમ પારાયણ ।



### ઉત્સવ સમૈયા તીર્થ વડતાલ

સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રીજી મહારાજના સમયમાં વિધવિધ ઉત્સવો ઉજવાતા; જેમ કે દિવાળી, અન્નકૂટ, જન્માષ્ટમી, રામનવમી, દશેરા, રંગોત્સવ, ફૂલદોલોત્સવ, વસંતોત્સવ, આમ્ર- ઉત્સવ, પ્રબોધિની એકાદશી, તમામ વ્રત, વિવિધ ધર્મોપદેશકોના જન્મોત્સવ, હનુમાન જયંતિ, ગણેશ જયંતિ, વગેરે. આ બધા ઉત્સવો વિવિધ સ્થળોએ ઉજવાતા. શ્રીજી મહારાજ આ ઉત્સવ ઉજવણીમાં ઉપસ્થિત રહેતા.પોતે સંતો અને અન્ય સત્સંગીઓને પણ નિમંત્રણ આપતા. આવા ઉત્સવોમાં ગુજરાતભરમાંથી હરિભક્તો મોટી સંખ્યામાં પધારતા.

એક માગશર સુદી એકાદશી - મોક્ષદા એકાદશીના દિવસે વડતાલ ખાતે શ્રીજી મહારાજે સમસ્ત સંપ્રદાય માટે આજ્ઞા કરી કે પ્રબોધિની એકાદશી એટલે કાર્તિક સુદ એકાદશી અને રામ નવમી એટલે ચૈત્ર સુદ નવમી - આ બે ઉત્સવો પર, પ્રતિ વર્ષ, આશ્રિતોએ વણતેડાવ્યે વડતાલ આવવું અને ઉત્સવ - સમૈયા ઉજવવા.

શ્રીજી મહારાજે, સંપ્રદાયમાં જે જે ઉત્સવો - વ્રતો- સમૈયા પોતે કર્યા છે અને કરવાની આદેશાત્મક પ્રણાલિકા પ્રસ્થાપિત કરેલ છે, તે બધા જ ઉત્સવો અને સમૈયા શ્રીજી મહારાજે વડતાલમાં કર્યા છે. સંપ્રદાયમાં વડતાલ જ એક એવું સ્થળ છે જ્યાં શ્રીજી મહારાજે બધાં વ્રતો બધી એકાદશીનાં વ્રતો ઉજવેલાં છે. વડતાલ એ ભગવાન શ્રી સ્વામિનારાયણની લીલાભૂમિ છે અને કર્મભૂમિ છે; એમ શ્રી રમેશચન્દ્ર લા. પંડ્યાએ 'વડતાલ દર્શન' (પૃ. ૧૩૩) માં નોંધ્યું છે.

### વડતાલમાં વિજયાદશમીની ઉજવણી

એક સમે વિજયાદશમીની ઉજવણી કરવા શ્રીજી મહારાજ એક દિવસ અગાઉથી વડતાલ પધાર્યા.

દશેરાના દિવસે વડતાલના ગોર વનમાળી અને ડાહ્યાભાઈ મહેતાને બોલાવીને શાસ્ત્રોનું (હસ્તલિખિત) પૂજન કર્યું. સંપ્રદાયના વિદ્વાન સંતો તથા ભણતા વિદ્યાર્થી સંતો પાસે અને વિદ્વાન ગૃહસ્થ હરિભક્તો પાસે પણ પૂજન કરાવ્યું. પછી સભા ભરીને જ્ઞાનવાર્તા કરી.

સાંજે ગોમતીને કાંઠે એક શમી વૃક્ષનું પૂજન કર્યું. વિજયની પ્રસાદી રૂપે સર્વને ગોળધાણા વહેંચ્યા. પછી આંબાવાડિયામાં સભા કરી.

આ પ્રસંગે અશ્વદોડ અને નિશાનબાજીની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ.

'શ્રીહરિલીલામૃતમ' (ભા -૩, કળશ - ૧, વિશ્રામ ૪૮ )માં આ ઉત્સવનું વર્ણન આપવામાં આવ્યું છે.

આવી ઝીલણી ત્યાં એકાદશી, વૃષનંદનને મન વસી;
સારી રીતે સજી અસવારી, ગયા ટાડણસર ગિરધારી. ૧૪
કર્યું મજ્જમ તેમાં ઉંમગે, ઝળકેળી કરી સખાસંગે;
આવ્યો દસરા તણો દિન જ્યારે, શમી પૂજવા નીસર્યા ત્યારે. ૧૫
ભારે ભૂષણ ને વસ્ત્ર ધારી, સઝી શોભે તેવી અસવારી;
ધારાળા સરવે ધીર વીર, આવ્યા ધારીને કામઠાં તીર. ૧૬
પછી આવિયા સર્વ પટેલ, ઘણા શોભિત ઘોડે ચડેલ;
કાઠીના અસવાર અપાર, તે તો દીસે સારા સરદાર. ૧૭
બામણોલી ને મહુડીયું પરું, નરસંડા વલાસણ ખરું;
એહ આદિક પાસેના ગામ, ત્યાંના આવિયા ભક્ત તમામ. ૧૮
જેવી ઈન્દ્ર તણી અસવારી, શોભે શ્રીજીની તે થકી સારી;
છબિલા શિર છત્ર બિરાજે, વાજાં વિવિધ પ્રકારનાં વાજે. ૧૯
પ્રભુજી પાસે ચાલે છે પાળા, મહાશૂરા ભલા મતવાળા;
છડીદાર ખમા ખમા બોલે, શોભા દેખીને દીગપાળ ડોલે. ૨૦
ભલુ ધારુતળાવ જે ઠામ, આજ છે જેનું ગોમતી નામ;
હાલ છત્રી કરાવી છે જ્યાંય, શ્રીજી ને સંત જે બેઠા ત્યાંય. ૨૧
ખૂબ કાઠીએ ખેલાવ્યાં ઘોડાં, કોઈ એકલાં કોઈ સજોડાં;
જેમ વીજળી આવે ને જાય, ઘોડાં દોડતાં એમ દેખાય. ૨૨
કોઈ અસ્વાર દોડે છે અળગા, કોઈ તો એક એકને વળગ્યા;
દડો ફૂલનો નાખે અગાડી, દોડતે ઘોડે લે છે ઉપાડી. ૨૩
જેને ઉત્તમ અસવાર જાણે, વૃષનંદન તેને વખાણે;
થાય બંદૂકના બહુ બહાર, છૂટે ટેટા હવાઈ અપાર. ૨૪
હતો ખીજડો ઉત્તરમાંય, પૂજવાને પ્રભુ ગયા ત્યાંય;
ગોર ડાયા મેતા વનમાળી, તેણે પૂજા કરાવી રુપાળી. ૨૫
દ્વિજને દીધાં દક્ષિણાદાન, આવ્યા પ્રથમ સ્થળે ભગવાન;
હતા સંત ભણ્યા ગણ્યા જેહ, બોલ્યા શ્લોક નવા જોડી તેહ. ૨૬
શાસ્ત્રીયોએ ત્યા ચર્ચા ચલાવી, સુણી ભૂધરને મન ભાવી;
રાત થૈ પ્રગટાવી મશાલો, વળ્યા ગામ ભણી વૃષલાલો. ૨૭

### શાર્દૂલવિક્રીડિત :

અસ્વારી અવલોકવા બહુજનો એ સ્થાન આવી અડ્યા,
જગ્યા ત્યાં ન જડી ઘણા જન મળી પ્રત્યેક ઝાડે ચડ્યા;
સ્રષ્ટાના મનનો શું ગર્વ હરવા જાણે સ્વ ઈચ્છા ધરી,
માટે માણસ કેરી કશ્યપમુની વૃક્ષેથી સૃષ્ટિ કરી. ૨૮

### વડતાલમાં તમામ અગિયારશ ઊજવી

'સત્સંગિજીવન' (પ્ર-૩, અ- ૪૬, શ્લોક ૪ થી ૯)માં લખ્યા પ્રમાણે, શ્રીહરિ વૃત્તાલયમાં કોઈ વર્ષમાં બે વાર તો કોઈ વર્ષમાં ત્રણ વાર કે ચાર વાર પણ સ્વંય પધારતા અને તે મુલાકાતો દરમિયાન મહોત્સવો યોજતા.



આવી મુલાકાતો અને મહોત્સવો દરમિયાન શ્રીહરિએ વડતાલ ખાતે તમામે તમામ એકાદશી ઉજવેલી.

### શ્રીહરિએ વડતાલમાં કરેલો જળઝીલણી ઉત્સવ

આવી ઝીલણી ત્યાં એકાદશી, વૃષનંદનને મન વશી; સારી રીતે સજી અસવારી, ગયા ટાડણસર ગિરધારી...૧૪

કર્યું મજજત તેમાં ઉમંગે, જળકેળી કરી સખા સંગે; આવ્યો દસરા તણો દિન જ્યારે, સમી પૂજવા નીસર્યા ત્યારે...૧૫

### પ્રથમ પ્રબોધન એકાદશી સમૈયો

શ્રીજી મહારાજે વડતાલમાં પ્રબોધિની એકાદશી અને ચૈત્રી સમૈયા પર વણતેડાવ્યે આવવાની સૌને આજ્ઞા કરી, પછી જે પ્રથમ પ્રબોધિની એકાદશી આવી તેની ઉજવણી વડતાલમાં ભારે ધામધૂમથી કરવામાં આવી.

આ પ્રબોધની એકાદશીને દિવસે ભારતના જુદા જુદા દેશોમાંથી, આશ્રિતો અને મુમુક્ષુઓ વણતેડે વડતાલ આવ્યા. ભારતના કયા કયા દેશમાંથી ભક્તજનો, શ્રીજી મહારાજના દર્શનાર્થે અને ઉત્સવમાં ભાગ લઈ કૃતાર્થ થવા માટે આવ્યા હતા તેના નામ ગણાવતાં, નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે-

'પૂર્વ દેશ અયોધ્યા પ્રાંતથી આવ્યા છે જન અનંત,
'કાશી મિથિલા પ્રાંતથી, આવ્યા ગંગાસાગરના સંત.
'શોણભદ્ર પ્રાંતના જન. ગયા પુરુષોત્તમપુરથી,
'મથુરા વૃંદાવન પ્રાંતમાં, જે હતા મુમુક્ષુ જીવ,
અવંતી નગરીથી આવીયા નયને નિરખવા પીવ.
'ઉત્તરદેશથી આવીયા કાશ્મીર ને કુરુ-ક્ષેત્રથી,
'હરદ્વાર પુષ્કર પ્રાંતના, અર્બુદાચળ પવિત્રથી,

મારિદેશ, સિદ્ધપદ પ્રાંતના એહ આદિ દેશ અપાર,
'દર્શન કરવા દયાળના સૌ આવ્યા નરનાર.
'પશ્ચિમ દેશથી આવીયા સિંધુ પ્રાંતના સેવનાર,
'કચ્છ, વાગડ,વાળાક, સોરઠ આવ્યા પાંચાળના રહેનાર.
'સૌભીર, આભીર, હાલારના, જીયાં જીયાં હતા જન,
'તોહ સર્વ આવીયા કરવા હરિ દર્શન.
'દક્ષિણદેશથી દર્શને આવીયા જન ઉમંગથી,
'સેતુબંધ રામેશવરના આવીયા વેંકટાદ્રિ શ્રીરંગથી.
'પદમનાભ પ્રાંતના આવ્યા મલિયાદ્રિ પ્રાંતી મળી,
'શિવ, વિષ્ણુકાચી પ્રાંતના દંડકારણ્ય પ્રાંતના વળી.
' વિંધ્યાચળ પ્રાંતના વળી તપતી નર્મદાતટના.
'આવ્યા સૌ સૌ દેશથી, રટતા નારાયણ રટના.

ગામમાં દર્શનાર્થીઓ સમાયા નહિ એટલે ઉગમણા ઓટાની આજુબાજુના ખેતરોમાં તથા ગોમતી કાંઠાના આંબાવાડિયામાં એમ લોકો પોતાની સગવડ અને અનુકૂળતા જોઈને ઉતર્યા.

એકાદશીને દિવસે સવારે, ઉગમણે ઓટે, આંબલાના મહાવૃક્ષ નીચે, ઊંચી પાટ ઉપર ગાદીતકિયા નંખાવીને શ્રીજી મહારાજ બિરાજમાન થયા. દરેક પ્રાંતના હરિભક્તોએ એક પછી એક આવીને શ્રીજી મહારાજની પૂજા કરી.

## પ્રબોધની એકાદશી

વાસુદેવચરણદાસજી સ્વામીએ ગાયું છે:

હવે બીજી પ્રબોધિનીએ, કર્યો સમૈયો તે સુખપાસ;
આવ્યા વાલમજી વડતાલ, નીરખી જન થયાં નિહાલ. ૦૭
આવ્યું વ્રત તે એકાદશી, પૂરી દીપમાળા તેહ નીશી;
તિયાં બપોરિયા અજવાળે, નાથ સભા ઊભા થઈ ભાળે. ૦૮
આજ મળ્યા મનુષ્ય અપાર, બહુ પુરુષ ને બહુ નાર;
સારા સમૈયા સુંદર થિયા, એમ કહીને હરિ હસિયા. ૦૯
(હરિચરિત્રચિંતામણિ, કિ- ૪૮, પૃ. ૧૪૫-૪૬)

## પ્રબોધની એકાદશી

ત્યાંથી આવ્યા વડતાલ ગામ, પ્રબોધની કરવા સુખધામ;
કર્યો ઉત્સવ તે બહુ ભારી, આવ્યાં દર્શને નરનારી. ૨૫
પોતે રહ્યા તિયાં બે માસ, ઝોળી મગાવી સાધુને પાસ;
(હરિચરિત્રચિંતામણિ , કિ- ૪૮, પૃ. ૧૪૭)

## પ્રબોધની એકાદશી : ત્રીજી વખત

વડતાલ ખાતે શ્રીહરિએ ત્રીજી વખત પ્રબોધની એકાદશી ઉજવી, જે વાસુદેવચરણદાસજી સ્વામીના મતે શ્રીહરિએ ઉજવેલ ૭મી પ્રબોધની એકાદશી હતી.

સાતમી પ્રબોધની કરવા, વા'લમ વડતાલ આવિયા;
અવધવાસી સંત સર્વે, ભૂધર ભેળા લાવિયા. ૦૧
સામૈયું લઈ સામા આવ્યા, વડતાલના હરિજન;
નીરખી શ્રીમહારાજનો થયા સર્વે પાવન.
આ છેલ્લી પ્રબોધની કરી, ચાલ્યા ગાડામાં બેસીને હરિ;

આ પ્રબોધની એકાદશી વડતાલ ખાતે ઈ.સ. ૧૮૨૯માં શ્રીહરિએ ઉજવેલી.

## એક જલઝીલણી એકાદશી વડતાલમાં ઊજવાઈ તેનો ઉલ્લેખ મળે છે

આવી ઝીલણી ત્યાં એકાદશી, વૃષનંદનને મન વશી;
સારી રીતે સજી સવારી, ગયા ટાડણસર ગિરધારી. ૧૪
કર્યું મજ્જન તેમાં ઉમંગે, જળ કેળી કરી સખા સંગે;
આવ્યો દસરા તણો દિન જ્યારે, સમી પૂજવા નીસર્યા ત્યારે. ૧૫ (કિ. ૧૪)

## રામનવમી ઉત્સવ (સાત વખત)

વાસુદેવચરણદાસજી સ્વામીએ હરિચરિત્રચિંતામણિમાં (કિરણ - ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩) શ્રીજી મહારાજે ઉજવેલ રામનવમીના ઉત્સવોની વિગત આપી છે. આ ગ્રંથના કિરણ ૫૩માં જણાવ્યા પ્રમાણે, રામનવમીનો છેલ્લો ઉત્સવ શ્રીહરિએ ગઢડા ખાતે ઉજવેલ.

એક રામનવમીના સમૈયા દરમિયાન :

સાંજે આપી આજ્ઞા અવિનાશ, ગાઓ ગરબીમાં જન રાસ.... ૨૪
ગાળે ગોમતી સત્સંગી સહુ, દેખી રાજી થાયા વા'લો બહુ;
જ્યારે ઉતારે આવે મહારાજ, ઉપડાવે ઈંટ્યું મંદિર કાજ...... ૨૫

એક રામનવમી ઉજવવા શ્રીજી મહારાજ અમદાવાદથી વડતાલ પધાર્યા. આ રામનવમીના ઉત્સવના બીજા દિવસે વડતાલ ખાતે સીતારામજીને જનોઈ દેવામાં આવી હતી.

ત્રીજી વખત રામનવમી કરવા પણ શ્રીજી મહારાજ અમદાવાદથી વડતાલ પધારેલા. સાથે બધા અવધવાસીને પણ લાવેલા.

રૂડી રામનવમી એકાદશી,
કર્યા ઉત્સવ ભારે હુલસી; કર્યા વિપ્રે વેદ ઉચ્ચાર,
વેદ વિધિએ ઉત્સવ કરી, આપ્યા દાન પછી હરખ ભરી;
ઘોડી પલાણ ઢાલ ને અસી, આપી પાડી સહિત મહિષી. ૨૪
ધેનુ સવત્સી ઓઢાડી ઝૂલ, આપ્યાં વસ્ત્ર કસુંબી અમૂલ;
સોના દોરો ને ઘણા રૂપૈયા, લઈ બ્રાહ્મણ રાજી બહુ થયા.

ચોથો રામનવમીનો સમૈયો કરવા શ્રીજી મહારાજ વડતાલ પધાર્યા. અયોધ્યાવાસીઓ સાથે હતા. 'એક કોરે અવધપ્રસાદજી, બીજી કોરે છે રઘુવીર.'

વડતાલવાસીઓએ કરેલ સામૈયું વાસુદેવચરણદાસજી સ્વામીએ કિરણ - ૫૧માં વર્ણવ્યું છે:

(આવ્યા સામૈયુંથી...)
વા'લે પે'ર્યા છે ફૂલના હાર, પાઘે તોરા અતિ ઉદાર;
એક કોરે અવધપ્રસાદજી,બીજી કોરે છે રઘુવીરજી ....૦૬
મધ્યે શ્રીસહજાનંદસ્વામી, રૂડા શોભે તે અંતરજામી;
આવ્યા સામૈયું લઈને જન, પ્રભુનાં કરવા દરશન....૦૭
ડાયો વનમાળી ને હીરો જાણો, એ આદ્યે ઘણા વિપ્ર પ્રમાણો;
રણછોડ ને ત્રિકમભાઈ, શ્યામળ ને વળી દલોભાઈ...૦૮
નારણ ગોપાળ ને દ્વારકાસ, ધોરી ભઈબાયે પૂજ્યા અવિનાશ;
મથુરભાઈ અને રામદાસ, જીવોભાઈ ભીખો ને વેરીદાસ..૦૯
ગોપાળ મીઠે અને દેસાઈ, ધર્મદા કાનદા બે ભાઈ;
બેચર નરોત્તમ રણછોડ, વૃધભાઈ અજુ બે જોડ ...૧૦
ડુંગર રામદાસ જેઠોભાઈ, ગોવિંદ દાજી ને હરિભાઈ;
વાસણજી ને થોભણદાસ, વસ્તા જોરો ને ઈશ્વરદાસ....૧૧
જીભાઈ પ્રભુદા ધોરીભાઈ, જીજીભાઈ રણછોડભાઈ;
ગોપાળજી જોરો અજુભાઈ, અંટોલદાસ અને અજીભાઈ...૧૧
એ આદ્યે ઘણા પાટીદાર, આવ્યા સરવે સામા તે વાર;
રૂડા ભક્ત બાવે માનગર, વણિક રાયજી ને ગિરધર ...૧૨
જગમાલ અમરસિંઘ આધાર, ઉજમભાઈજી ભવાન સાર;
એ આદ્યે ઘણા ક્ષત્રિયજન, આવ્યા સામા કરવા દર્શન...૧૩
વાસણ અંબૈદા આદ્યે સુતાર, આવ્યા દર્શન કરવા અપાર;
વાજે વાજાં નગારાં નિષાન, ઘણે હેતે નીરખ્યા ભગવાન...૧૪
બાઈ ભાઈ ઘણા હરિજન, નીરખી પ્રભુને થયા પાવન;
લઈ ફૂલના હાર અપાર, પે'રાવે હરિને કરી પ્યાર ...૧૫

પાંચમી રામનવમી ઉત્સવે ગોમતી તળાવ ગાળવાનું અને તેની ધૂળ લઈ મંદિરમાં આવવાનું કામ શ્રીહરિએ કરેલું.

પછી લાવે ઈંટ્યું સહુ સાથ ભેળા ઈંટ્ય લઈ ચાલે નાથ. ૨૪
જાય ગોમતીજી મહારાજ, બેસે ઓટે દર્શન દેવા કાજ;
થાય સંતજન સભા ભારી, ગળાવે ગોમતીજી સુખકારી. ૨૫
ચાલે ધૂડ્ય લઈ સર્વે સંત, બાંધી રૂમાલે બે ભગવંત;
એક દીન એવાં દર્શન દીધાં, ચૂનાનાં તગારાં નવ લીધાં. ૨૬
(હરિચરિત્રચિંતામણિ, કિ- ૫૨)

અન્ય એક વખત પણ વડતાલમાં રામનવમી ઉજવવા શ્રીજી મહારાજ પધાર્યા.

વા'લમ વડતાલ આવિયા, રામનવમી કરવા નાથ;
દેવા દર્શન દાસને, શ્રી સહજાનંદ સુખનાથ. ૦૧

------------------------

ગામના મનુષ્ય સંઘ સર્વે, સામૈયું લઈ આવિયા;
નાથ નીરખી હૈયે હરખી, વા'લમને વધાવિયા. ૦૩

આ રામનવમી ઉત્સવ શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિરના પ્રારંભ પછી ઉજવાયેલ. વાસુદેવચરણદાસજી સ્વામીએ ગાયું છે કે:

આવ્યા ગાજતેવાજતેહરિ, ચઢ્યા મંદિર ઉપર ચુપ (ઝડપ) કરી;
નીરખ્યા લક્ષ્મીનારાયણદેવ, ભક્તિ ધર્મ હરિ અભેવ...૨૧
(એજન, કિરણ ૫૨)

વળી એક વખત શ્રીજી મહારાજ અમદાવાદ - જેતલપુર- મહેમદાવાદ- ડભાણ થઈ વડતાલ પધારેલા. રામનવમી અને એકાદશીના ઉત્સવ શ્રીહરિએ ઉજવેલા. (હરિચરિત્રચિંતામણિ, કિ- ૬૪) પછી ત્રંબોવડુ વટામણ થઈ ગઢડા પરત ફરેલા.

### જન્માષ્ટમી ઉત્સવ

વાસુદેવચરણદાસજી સ્વામીએ 'હરિચરિત્ર ચિંતામણિ' (કિ- ૫૯) માં વર્ણવ્યા મુજબ, વડતાલ ખાતે શ્રીજી મહારાજે જન્માષ્ટમી (કદાચ પ્રથમ વાર) ઉજવી ત્યારે શ્રીલક્ષ્મીનારાયણ દેવ મંદિરનું નિર્માણ થયું નહોતું. શ્રીજી મહારાજે ધર્મશાળાના ચોકમાં, રૂપાળી બોરડી નીચે, પાટ ઉપર બિરાજી હરિભક્તોને જન્માષ્ટમીનાં દર્શન દીધાં હતાં.

જન્માષ્ટમીનાં દર્શન દીધાં, પ્રાણજીવને પોઢણ કીધા;
પછી ધર્મશાળાનો હતો ચોક, તિયાં મળ્યા સંતજન લોક....૨૮
ચોકમાં છે બોરડી રૂપાળી, બેઠા પાટ ઉપર વનમાળી;
બ્રહ્મચારી લાવ્યા રૂડા થાળ, કીધાં ભોજન દીનદયાળ....૨૯

આ જન્માષ્ટમીના પર્વ પર આંબલી પર બાંધેલ હિંડોળે શ્રીહરિ ઝૂલેલા. આ ઉત્સવ પતાવી શ્રીહરિ ગઢડા પધારેલા.

### વડતાલમાં જન્માષ્ટમી લીલા

એક સમે જન્માષ્ટમી કરવા શ્રીજી મહારાજ વડતાલ પધાર્યા. જોબન પગીના ઘરે ઉતારો કર્યો. જોબનપગીનું ફળિયું વિશાળ હતું. ફળિયામાં ઢોલિયો ઢાળી દીધો. શ્રીહરિ તેના પર બિરાજમાન થયા.

શ્રીજી મહારાજ ઉત્તરાભિમુખ બિરાજમાન હતા. પોયણાના હાર ધારણ કર્યા હતા. માધવદાસજી સ્વામી આવી, પાય લાગી સન્મુખ બેઠા. પ્રસન્ન થયેલા શ્રીહરિએ હાર હાથમાં લઈ નાખ્યો તે સીધો માધવદાસ સ્વામીના ગળામાં પડ્યો. આરતીની વેળા થઈ એટલે સંત અને હરિભક્ત સૌએ સાથે મળી ધૂન કરી.

શ્રીજી મહારાજ પ્રસન્ન હતા. પોતાની સન્મુખ બિરાજમાન બ્રહ્માનંદ સ્વામીને પાઘ અને પોયણાના હાર આપ્યા અને મુક્તાનંદજી સ્વામીના માથે કેવડાની ટોપી મૂકી. શ્રીહરિએ ઘણીવાર વાતુ કરી અને ઘણાં કીર્તન ગવડાવ્યાં. એ સમયે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને તેઓએ રચેલાં કીર્તન ગાવા જણાવ્યું.

પછી આરતીની થઈ વેળા, ધૂન કરે હરિ સંત ભેળા;

બ્રહ્માનંદ સ્વામીને તે વાર, દીધી પાઘ પોયણાનાં હાર ....૭
કેવડાની ટોપી લીધી હાથે, મેલી મુક્તાનંદજીને માથે;
વાલે વાતુ કરી ઘણી વાર, કીર્તન ગવરાવ્યાં તે સાર ....૮
વળી બોલ્યા તે અંતરજામી, સાંભળો હે બ્રહ્માનંદ સ્વામી ....૧૨
તમે કીર્તન કર્યા હોય જેહ, ગાઓ ઉભા થઈને તેહ....
મુક્તાનંદ સ્વામીને કહે માવ, બોલો તમારી કરેલી કાવ્ય ....૧૩
ઉભા થઈ બેઉ જણા હારે, બોલ્યાં કીર્તન રૂડાં તે વારે;
પાટ ઉપર ઉભા થયા નાથ, તાળી પાડે હરિ બેઉ હાથ ....૧૪

બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિની આજ્ઞા મુજબ બેયે સાથે ઉભા થઈ સાથે કીર્તન ગાયાં. એ બે સંતો જ્યારે સાથે કીર્તન ગાતા હતા ત્યારે શ્રીજી મહારાજ પણ પાટ ઉપર ઉભા થઈ ગયા અને બેઉ હાથે તાળી પાળી કીર્તન ઝીલવા લાગ્યા. શ્રીહરિને ગાતા જોઈ, ઉપસ્થિત સૌ મુનિતણા મન લોભાઈ ગયાં. અન્યને પણ ગાવા કહ્યું. 'ગોવિદને ગાવણાં ભાળ્યાં' ને 'ગાતાં ગાતાં અરધી રાતથઈ ગઈ.'

બીજે દિવસે સવારે શ્રીજી મરાહાજ, શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈ, ઘોડે સવાર થઈ વ્રતપુરીની બહાર આવ્યા. જ્યાં આંબલો હતો ત્યાં પહોચ્યાં; આંબલાની પાસે રાયણ રૂપાળી હતી. સર્વે દર્શન કરે તે હેતુથી, શ્રીહરિએ ત્યાં ઘણો સમય ઘોડી રમાડી. પરસેવે રેબઝેબ થયેલ વનમાળી મૂર્તિ સુખદાતા હતી,

એ રાતે જોબનપગીના ફળિયાના ઉગમણે બાર શ્રીજી મહારાજ બિરાજમાન થયા. સંતો કીર્તન ગાન કરવા વાગ્યા. એમ કરતાં ઘણી રાત થઈ ગઈ. સાધુ થોડા જ ઉપસ્થિત હતા. જાગરણનો નિયમ હતો છતાં સંતો ધર્મશાળામાં જઈ સૂઈ ગયેલાં. આવું કેમ થયું તેની પૃચ્છા શ્રીહરિએ કરી. બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજની નારાજગી દૂર કરવા સૂચન કર્યું, 'હે મહારાજ! હાજર છે તેને આપ મળો એટલે ગેરહાજર સૌ સવારે દુઃખી થશે.' શ્રીજી મહારાજ બ્રહ્માનંદ સ્વામીની વાત મુજબ, ઉપસ્થિત સૌને હેતથી મળ્યા.

જન્માષ્ટમીના જ સમૈયા દરમિયાન એક દિવસ શ્રીજી મહારાજે લીલા કરી. વહેલી સવારે જ અંતર્ધાન થઈ ગયા. સાથે મુકુંદ બ્રહ્મચારીને જ લીધા. જેમ જેમ બધાને શ્રીજી મહારાજના અંતર્ધાન થવાની ખબર પડી તેમ તેમ સહુ શોધખોળ કરવા લાગ્યા. ચારબાજુ બધાએ ઘોડા દોડાવ્યા. સોમલા ખાચર તો એકએકને પૂછી વળ્યા. જેમ જેમ સમય થતો ગયો, તેમ તેમ સૌ સંત ભકત તો હતાશ-નિરાશ થવા માંડ્યા. પોતાને મેલી ગયાની ભાવના થકી સોમલા ખાચર સહિત અનેકના આંખમાં આંસુ આવી ગયાં. મુક્તાનંદ સ્વામી અને ભાઈ રામદાસ સૌને શાંત્વન આપતા હતા. સૌ પાસે કીર્તન ગવરાવે, ધૂન કરાવે ને આરતી કરાવે. એ જ સમયે મંદ મંદ હસતા શ્રીજી મહારાજ પધાર્યા ને જોબનપગીના મેડે જઈ બેઠા. એમનાં દર્શન કરી સૌ નરનારી પ્રસન્ન થયાં.

વાસુદેવચરણદાસજી સ્વામીએ 'હરિચરિત્ર ચિંતામણિ' કિરણ-૫૮માં વડતાલ ખાતે ઉજવાયેલ જન્માષ્ટમી સમૈયાની લીલાઓ વર્ણવી છે, તેનો સારાશં ઉપર આપ્યો છે. કિરણ ૫૯માં પણ તેમણે વડતાલની જન્માષ્ટમી વર્ણવી છે.

વડતાલના જન્માષ્ટમી સમૈયાનું વર્ણન કરતાં વાસુદેવચરણદાસજી સ્વામી લખે છે:

ત્યાં તો આવી જન્માષ્ટમી, બાંધ્યો હિંડોળો આંબલી;
ઓપે આથમણી ડાળ અતિ, ત્યાં બેઠા વા'લમ વળી .... ૧
હરિ હિંડોળે હીંચતા, શોભે શ્રી સહજાનંદ;
મૂર્તિ મનોહર માવની, કેવળ કરુણાનંદ ....૨

વડતાલ ખાતે જન્માષ્ટમી ઉત્સવમાં હિંડોળે ઝૂલતા શ્રીહરિની પંચરંગી શોભાનું વાસુદેવચરણદાસજી સ્વામીએ કરેલ વર્ણન એવું તો હૃદયસ્પર્શી કરાયું છે કે આપણને એમ જ લાગે કે, આજે પણ શ્રીહરિ એક આંબલીની ડાળે ઝૂલી રહ્યા છે ને આપણે સૌ મનભરી એમને માણી રહ્યા છીએ. શ્રી હરિનું આ વર્ણન સ્વામિનારાયણ સાહિત્યની એક કલગી સમાન છે, આવો, પ્રથમ તે માણીએ:

લાલ કરે ત્યાં બહુ લીલા, બાંધ્યા હિંડોળે પીતાંબર પીળાં;
લાલ દીસે ઢોલીડો સારો, લાલ ગાદીએ ધર્મદુલારો ....૦૩
લાલ સુરવાળમાં હીર નાડી, તેને નીરખીએ દાડી દાડી;
લાલ પાઘ તે શોભે અપાર, લાલ છોગલું વટકે સાર ....૦૪
લાલ ફૂલડાં શોભે છે માથે, લાલ છડી છે લાલને હાથેં;
લાલ શેલું કેડયે કાજુ કૈયે, લાલ રેંટો ખભે જોઈ રૈયે ....૦૫
લાલ પીતાંબર બાંધ્યું ડાળે, લાલ ફૂલડાં શોભે હિંડોળેં;
લાલ શોભા હરિની જોઈ, રાખી મૂર્તિ અંતરમાં પ્રોઈ....૦૬

લાલ ઢોલીયો, લાલ ગાદી, લાલ સુરવાળ, લાલ પાઘ, લાલ છોગલું, લાલ ફૂલડાં, લાલ છડી, લાલ શેલું, લાલ રેંટો, લાલ પીતાંબરમાં શોભતા શ્રીહરિની મૂર્તિ અંતરમાં પરોવાઈ - પ્રોઈ ગઈ

પીળાં પીતાંબર હિંડોળે સાર. પીળે તકિયે ફુમતાની હારં;
પીળી ચંદનની શોભે આડ્ય, નીરખું વાલાને રાખી આડ્ય....૦૭
પીળા લીંબુ હિંડોળે લે'કે, પીળા કેવડાનાં તોરણ બે'કેં;
પીળી રેશમ રાખડિયું સાર, પીળા પે'ર્યા હજારીના હાર....૦૮
પીળા પવિત્રાં શોભે છે ભારી, પીળાં કડાં વેઢ સુખકારી;
પીળા સોનેરી અંબર ઓપે, વા'લો શોભે તે પીળે સ્વરૂપે....૦૯

હિંડોળામાં પીળી વસ્તુઓની ભરમાર છે. પીળો તકિયો, પીળા લીંબુ, પીળા કેવડાનાં તોરણ, પીળી રેશમની

રાખડિયું, પીળા હજારીના હાર, પીળાં પવિત્રાં, પીળાં કડાં, પીળાં સોનેરી વસ્ત્ર (અંબર) થી સજાવાયેલ હિંડોળામાં પીળા પીતાબંર શ્રીહરિએ ધારણ કર્યા છે.

લીલી શોભા તે વા'લમ કેરી, રૂડા દીસે લેરખડો લે'રી;
લીલી શોભે તે વેલી, ચહુકોરે આવીને ઝૂકેલી . . . . ૧૦
લીલી હીંસે આંબલી ડાળ, બહુ ફૂલે છે દીનદયાળ;
લીલી ઘૂઘરમાળો ઘમઘમે, હીંચે જોરે આંબલી નમે ....૧૧
નીલાં ઘંટ તણા નાદ થાય. ચારોકેર હરિજન ગાય;
લીલી કાકડી પ્રભુ પાસે આવે, લીલાં વનફળ હિંડોળ લાવે....૧૨
લીલાં પીતાંબરે અત્તર બે'કે, લીલાં તોરણ હિંડોળે લેકે;
લીલાં શોભે વે વૃક્ષને વેલી, મારે વા'લે વાળી રંગરેલી....૧૩

ચારેબાજુ ઝુકેલી લીલી વનવેલી, લીલી આંબલીની ડાળ, લીલી ઘૂઘરમાળ, નીલા ઘંટના નાદ, લીલી કાકડી, લીલા વનફળ, લીલા તોરણ, લીલા વૃક્ષ ને લીલી વેલથી તો મારે વાલે વાળી રંગરેલી.

હવે શ્વેત શોભા વિચારુ, વેલ છબીલો ઉરમાં ધારું;
ધોળી એજ સારી સ્વામી તણી, ધોળી પછેડી શોભે છે ઘણી....૧૫
ધોળા હાથે બાંધ્યાં છે બાજુ, ધોળાં કુંડળ કાનમાં કાજુ;
ધોળા કોટે ફૂલના હાર, છાતી ઉત્તંગ શોભે ઉદાર ....૧૬
ધોળા પાઘે બિરાજે તોરા, સુંદર શોભે સ્વામી વાને ગોરાં;
ધોળાં બાંધ્યા હિંડોળે ફૂલ, ઝળકે હિંડોળે તકતા અમૂલ....૧૭
ધોળા વેઢમાં હીરા ઝગે, ધોળા તોડા પે'ર્યા બેઉ પગેં;
ધોળાં દોર ઝાલ્યાં બે હાથે, ધોળાં છોગલાં લટકે છે માથે....૧૮
ધોળા હિંડોળે જાળિયાં ઝળકે, ધોળાં હાથે લીધો રુમાલ,
જોતા મૂર્તિ વાધે બહુ વા'લ ....૧૯
ધોળાં તરણ તે ફૂલ તણાં, શોભે હિંડોળે તે ઘણાં ધણાં;
ધોળી શોભા કરતા જગવંદ, સુખકારી સ્વામી સહજાનંદ .... ૨૦

હિંડોળામાં વિધવિધ ધોળી વસ્તુઓ, અલંકારો, આભૂષણો, પોશાકમાં સજ્જ શ્રીહરિની મૂર્તિ જોતાં 'વાધે બહુ વા'લ'.

તેને વારંવાર વિચારી, જોઈ તરે ભળ નરનારી;
શ્યામ શોભા હરિની કઈએ, ધારી અંતરે ને સુખ લઈએ....૨૧
શ્યામ મેઘ થયો પ્રફુલ્લે, લટકાં કરતાં હરિવર ઝૂલેં;
શ્યામ ઘટા મેઘની થાય, વારે વારે જુએ હરિરાય ....૨૨
શ્યામ છતરી માથે બિરાજે, તેમાં ફરતી ધૂધરિયું ગાજેં;
શ્યામ ઢાલ ધરી મેઘ સારું, હરિનું રૂપ જોતાં લાગે પ્યારું....૨૩
શ્યામ રેંટો ખભે સુખકારી, મૂર્તિ હૈયામાં રાખી ધારી;
શ્યામ ઘટામાં વીજળી થાય, જોઈ હસે પુરુષોત્તમરાય ....૨૪
ગાજે મેઘ બોલે બહુ મોર, જુવે વા'લોજી તે ચારેકોર;
શ્યામ નેણે તે નજર કરી, હસે સંત સામું જોઈ હરિ.....૨૫
પંચરંગી શોભા વા'લે કરી, તેને નીરખી મેં નેણાં ભરી;

વાસુદેવચરણદાસજી સ્વામી કહે છે, શ્રીજી મહારાજે આ પંચરંગી શોભા કરી તેને તેમણે 'નેણાં ભરીને નીરખી'.

વાસુદેવચરણદાસજી સ્વામી પણ નોંધે છે કે, શ્રીહરિની કૃપાથી તે દિવસે સંત અને હરિભક્ત પણ શોભતા હતા. તેમણે વર્ણવ્યું છેઃ

સંતની કોટમાં ફૂલહાર, ફૂલ્યો ફૂલે આવળો સાર ....૨૬
ફૂલહારે હરિજન શોભે, ફળ, ફૂલ જોતાં મન લોભેં;
ફૂલહાર પે'રી સંત ગાતા, જોયા હરિફૂલમાં ફૂલાતા ....૨૭

જન્માષ્ટમીનાં દર્શન દીધાં, પ્રાણજીવને પોઢણ કીધાં (હરિચરિત્ર ચિંતામણિ, કિરણ ૫૯)

## અન્નકૂટ ઉત્સવ/ દિવાળી ઉત્સવ (સાત વખત)

શ્રીજી મહારાજે વડતાલ ખાતે કરેલ એક અન્નકૂટ ઉત્સવનું વર્ણન 'હરિચરિત્ર ચિંતામણિ' (કિ-૬૯)માં આપેલ છે.

આવ્યા ગઢપુરથી વરતાલ, દીપ ઉત્સવ કરવા લાલ;
કર્યો અન્નકોટ સમૈયો ભારી, શ્રી સહજાનંદ સુખકારી....૧૪

---

તિયાં કર્યો અન્નકોટ અતિ, જમ્યા જુગતે પે'લા સંતપતિ;
પીરસી જમાડ્યા સંત પાળા, લઈ લાડુ વા'લે તે રૂપાળા.....૨૭
ફર્યા પંગતમાં પાંચ વાર, જમ્યા સંત થયો જેજેકાર;
પછી આવ્યા આંબલે ફરી, બેઠા પાટ ઉપર પોતે હરિ....૨૮

એક વરસ દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ કરવા શ્રીજી મહારાજ ગઢડાથી વડતાલ પધાર્યા.

આસો વદ અમાસને દન, કર્યો દીપ ઉત્સવ ભગવન....૪૦

---

પછી આવ્યો ઉત્સવનો દન, પૂરી દીપમાળા મુનિજન.....૪૧

આ ઉત્સવ પ્રસંગે વડતાલના નારણગર બાવાજીએ કરેલી સેવાઓની નોંધ વાસુદેવચરણદાસજી સ્વામીએ લીધી છે.

પ્રભુ પોઢી જાગ્યા પ્રભાત, ત્યારે પૂછી રસોઈની વાત.....૪૭
ત્યારે બોલ્યા બાવો નારણગર, થઈ રસોઈ ત્યાર સુંદર;
પછી દાતણ કરી દયાળ, નાહી નાથ જમ્યા પછી થાળ....૪૮
જમ્યા જીવન જન હેત કાજ, પછી તેડાવ્યો સંત સમાજ;
તેને જમાડ્યા બહુ હેત કરી, પીરસી પાત્ર દીધાં અન્ન,.....૪૯
બહુ ભાતનાં કર્યા હતાં અન્ન હતો અન્નકોટનો એ દન;
જમો સંતો કંસાર છે કેવો, માલપુડા લાડુ જમો સેવો......૫૦
એમ નાથ કરે તાંણ ઝાઝી, તેમ નારણગર થાય રાજી;
જમ્યા સંત થયો જેજેકાર, આવ્યા આંબલે પ્રાણ આધાર.....૫૧

વડતાલ ખાતે દિવાળી/ અન્નકૂટ ઉત્સવ ઉજવવા શ્રીજી મહારાજ ગઢડાથી આવ્યા. સાથે લાવ્યા દાદા ખાચર, સોમલા ખાચર, સુરો ખાચર, વસ્તો ખાચર, અલૈયા ખાચર, જીવા ખાચર, માતરા ખાચર, મોડા ખાચર, ઘેલા ધાધલ, નાગમલા, નાન ખાચર, નાજા ખાચર, વાઘા ખાચર, જીવા ખાચર, દાહા ખાચર, ઝીણાભાઈ, દાદાભાઈ, ગગાભાઈ, વેલા ખાચર, ભોજોભાઈ, અમરા પટગર, પૂજોજી શેઠ, હરજી ઠક્કર,

લાધા ઠક્કર, કાયોભાઈ, જીભાઈ, મૂળુભાઈ, કાકોભાઈ, જીવોભાઈ, પાર્ષદ ભગુજી, રવાજી, રતનજી, ગુમાનજી, ભીમાભાઈ, હમીરભાઈ, માનસિંહ, કેસરીસિંહ સહિત મોટો સંઘ.

કેડ્યે અસવાર આગળ પાળા, મધ્યે શ્યામ શોભે રૂપાળા;
ઘમકે ઘોડી ઘરેણામાં ભરી વાલો વડતાલ આવ્યા કરી મે'ર

શ્રીજી મહારાજનો ઉતારો વાસણ સુતારના ઘેર હતો.

વાસણ ભવાન જાદવ ખુશાલ, નારણ પ્રભુદા, રણછોડ ગોપાલ;
રૂડી હવેલી એની વિશાળ, ત્યાં જઈ પોઢ્યા જનપ્રતિપાળ... ૨૮
(હરિચરિત્રચિંતામણિ, કિરણ ૭૧, પૃ. ૨૩)

---

એક સમે સુરત જતા પહેલાં શ્રીજી મહારાજ વડતાલ પધારેલા અને વડતાલ ખાતે દિવાળી અન્નકૂટનો ઉત્સવ ઉજવેલો. વાસુદેવચરણદાસજી સ્વામીએ 'હરિચરિત્રચિંતામણિ' (કિ- ૭૪)માં દિવાળીની શોભા વર્ણવી છે:

પછી આવ્યો દિવાળીનો દન, પૂરી દીપમાળા મુનિજન;
દીવા શોભે હવેલીએ સાર, ચારેકોર દીવાની તે હાર્ય.... ૨૩
ત્રણે માળે દીવા શોભે અતિ, જાણે ઝળકે મણિની પંગતિ;
મંદિર ઉપર દીવા ઝગે બહુ, તેજે થયું ઝળામળ સહુ.... ૨૪

---

અન્નકૂટની શોભા વર્ણવતાં સ્વામી લખે છે:

પૂર્યો સવારે અન્નકોટ અન્ને, લેહ્ય ચોસ્ય ને ભક્ષ્ય ભોજને;

---

બહુભાતના કરાવ્યા પાક, ભાજી રાયતાં ને રૂડાં શાક.. ૨૮
જમી રહ્યા ઠાકોરજી જ્યારે, ઉતારી આરતિ તેહ વારે;
(એજન, કિરણ ૭૫)

વળી એક દિવાળી/અન્નકૂટ ઉત્સવ ઉજવવા શ્રીજી મહારાજ ગઢડાથી વડતાલ પધાર્યા. મુક્તાનંદ સ્વામી સહિત અન્ય સંતો મંડળો સહિત પધાર્યા. અયોધ્યાવાસી પણ સૌ આવ્યાં. દાદા ખાચર સહિત અગ્રણી હરિભક્તો પધાર્યા. એક સાંજે વડતાલ સહુ આવી પહોંચ્યા. ઉગમણા બંગલામાં શ્રીહરિ ઉતર્યા. ઉત્સવ ઉજવતા પહેલાં શ્રીહરિ, સંત ભક્ત સહિત, નરસંડા પધાર્યા.

'પૂરી દિવાળીએ દીપમાળ, શોભે દીવડીએ ત્રણેય માળ...... ૨૯
મંદિર ઉપર હજારું હજાર, મેલ્યા દીવા તેનો નહિ પાર;
(એજન, કિરણ -૭૬)

બુરાનપુરના હરિભક્તોએ શ્રીજી મહારાજને કસુંબી રેંટો અર્પણ કર્યો. સરસવણીના નાગજીભાઈએ પોશાક, ગાદલું, ઓછાડ, ગાલસુરિયાં, રજાઈ, ઢીચણિયા, થાળી, લોટા, અબખોરા, અંગરખું, ચોતારો ખેસ, હીરકોર ધોતિયું, ઝીણી પછેડી, પવિત્રાં, રાખડી જનોઈ શ્રીજી મહારાજને ભાવપૂર્વક અર્પણ કર્યા અને લાડુની રસોઈ આપી. પીજ અને વલાસણના હરિભકતોએ પણ ભેટ પૂજા કરી. ઉત્સવ પછી શ્રીહરિ ગઢડા પધાર્યા.

---

વડતાલ ખાતે એક દિવાળી ઉત્સવ ઉજવવા શ્રીજી મહારાજ ગઢડાથી શ્રાધ્ધના દિવસોમાં પધાર્યા. સિંજીવાડા ખાતે ત્રીજું શ્રાધ્ધ કરેલું. વડતાલ ખાતે શ્રાધ્ધના ચોથા દિવસે શ્રીજી મહારાજે ધર્મદેવનું શ્રાધ્ધ કર્યું. દશેરાના દિવસે શમી પૂજન કર્યું. શ્રીજી મહારાજ મંદિરમાં પ્રતિદિન ૧૦૮ પ્રદક્ષિણા ફરે અને પાંચ દંડવત ઠાકોરજીને કરે. દોઢ માસ વડતાલમાં હરિભક્તોને દર્શન- સત્સંગનો લાભ આપ્યો. વાસુદેવચરણદાસજી સ્વામીએ 'હરિચરિત્રચિંતામણિ' (કિરણ ૭૬) માં દિવાળીની શોભા વર્ણવતાં લખ્યું છે:

પૂરી દીપમાળ શોભે ઘણી, જાણે માંડી પંક્તિ મણિ તણી;
મંદિર હવેલી પર દીવા ઘણા, અતિ તેજ તેજ નહિ મણા.... ૧૬
બેઠા સભા મધ્યે જગવંદ, શોભે તારે વીંટ્યો જેમ ચંદ ;
ઝળકે વસ્ત્ર ઘરેણાં ફૂલહાર, નીરખે હરિનું મુખ નરનાર ..... ૧૭

શ્રીહરિ આ ઉત્સવ ઉજવી વડોદરાના મહારાજાના આમંત્રણ થકી ત્રણ દિવસ માટે વડોદરા પધારેલા. ત્યાંથી પરત પધારી ગઢડા પરત ફરેલા.

---

એક સમે શ્રીજી મહારાજ જેતલપુરથી વડતાલ પધાર્યા અને દિવાળી ઉત્સવ ઉજવવા વડતાલ ખાતે દોઢ માસ રહ્યા. આ સમૈયામાં વડોદરા, સુરત, અમદાવાદના હરિભક્તોએ ભારે ભાવથી શ્રીહરિની પૂજા -અર્ચના કરી.

વડતાલના આવ્યા હરિજન, પ્રભુ પૂજવા થઈ પ્રસન્ન;
હાર ચંદન લઈ શણગાર, પૂજ્યા પ્રીતે પ્રભુ વારંવાર. ૩૧

---

દિવાળીની શોભા પણ અતિ અનેરી હતી:

કર્યા સંધ્યા ટાણે દીવા ઘણા, પૂરી દીપમાળા ન રાખી મણા;
ચારે કોર હવેલિયું છાજે, ત્રણ માળે દીવા ત્યાં બિરાજે..૩૪
કર્યા મંદિર ઉપર દીવા બહુ, તેજ તેજ પદારથ સહુ;
મેતાબ મશાલ બપોરિયા બળે, જાણે અક્ષરધામ ઝળમળે. ૩૫
(એજન, કિરણ ૮૧)

## વરતાલમાં અન્નકૂટ ઉત્સવ

ચોપાઈ

બ્રહ્મચારી કહે સૂણો ભૂપ, કહું કૃષ્ણચરિત્ર અનૂપ;
એક અવસરે શ્રીમહારાજે, અન્નકૂટના ઉત્સવ કાજે. ૨
ગઢપુરમાં રહી મન ધાર્યું, વરતાલ જવાને વિચાર્યું;

સંતમંડળને લઈ સંગે, મનમોહન ચાલ્યા ઉમંગે. ૩
ગયા સારંગપુર ઘનશ્યામ, ત્યાંથી દર્શન દઈ બહુ ગામ;
આવ્યા વરતાલમાં વૃષનંદ, પામ્યા સત્સંગી સર્વ આનંદ. ૪
નારાયણગરના મઠમાંય, જઈને ઉતર્યા જીવન ત્યાંય;
સાંભળી હરિના સમાચાર, આવ્યા દર્શને સંઘ અપાર. ૫
ધનતેરશનો દિન આવ્યો, ત્યારે ઉત્સવ સારો કરાવ્યો;
આવી કૃષ્ણચતુર્દશી જ્યારે, પૂજ્યા પવનના પુત્રને ત્યારે. ૬
આવી બીજે દિવસ તો દિવાળી, દીપમાળા રચાવી રુપાળી;
મહારાજ તે વચ્ચે બિરાજ્યા, છબિલો તે સમે બહુ છાજ્યા. ૭
ફરી રાસમંડળ તણી રીતે, ગાઈ ગર્બિયો સંતોએ પ્રીતે;
અન્નકૂટ કર્યો દિન બીજે, તેનું વર્ણન કેમ કરીજે. ૮
પકવાન્ન અનેક પ્રકાર, ગણતાં નવ પામિયે પાર;
શાક પાક અથાણાં અનેક, ભર્યાં પાત્ર કરીને વિવેક. ૯
વાજે ભુંગળ તાલ મૃદંગ, જનમન ન સમાય ઉમંગ;
બેઠા જમવાને જગદાધાર, નિરખી હરખે નરનાર. ૧૦
પછી સંતોને જમાડ્યા, એમ સંતોષ સૌને પમાડ્યા;
ધન્ય નારાયણગિરિ બાવો, જેણે લીધો અલૌકિક લાવો. ૧૧
ધન્ય ધન્ય તેનો મઠ એહ, જયાં તીર્થભૂમિ સહ તેહ;
જહાં પ્રગટ પ્રભુજી બિરાજ્યા, કોટિ બ્રહ્માંડ રાજાધિરાજ. ૧૨
તહાં આવી પ્રબોધિની જ્યારે, થયો સારો સમૈયો તે વારે;
અહો ભૂપતિ એવાં ચરિત્ર, કેમ વિસરે પરમ પવિત્ર. ૧૩
પછી જનને કહે પરમેશ, હવે સૌ જન જાઓ સ્વદેશ;
નિજ દેશ ગયાં નરનારી, ગયા ગઢપુર શ્રીગિરિધારી. ૧૪

(શ્રી હરિલીલામૃતમ્, ભાગ-૩, કળશ-૬-૭, વિ,૬૬)

આધારાનંદ સ્વામીએ પણ એક દિવાળી ઉજવણી વર્ણવી છે.

ચાંગા ગામના પાટીદાર હરિભક્ત કુબેરદાસ પટેલ હતા. બોનજીબા નામે તેની મા ઘણાં સારાં હરિભક્ત હતાં અને તેમણે શ્રી લક્ષ્મીનારાયણ દેવની આગળ તે દિવસે અન્નકૂટ પુરાવ્યો હતો. ૨-૩. વર્ણીએ બહુ પ્રકારના પકવાન પુરાવ્યા હતા. તેનો ગણ્યે પાર આવતો નહિ. મેવા પણ બહુ ભાતના કર્યા હતા. ૪. જે રીતે ખૂબ જ શોભે તે રીતે બધાં ભોજન ઘણા પ્રેમથી ધરાવ્યાં હતાં અને તેમાં પ્રથમ ગોવર્ધન પૂજા કરી. ૫. ગોવર્ધન ઉત્સવની જે રીત હતી તે પ્રમાણે ઉત્સવ કર્યો. ગોવર્ધન ઉત્સવ જ્યારે કરી રહ્યા, તે પછી બધો અન્નકૂટ પૂરાયો. તે ધરાવેલા અન્નકૂટની શોભા કહી શકાતી નથી. બધી જાતનાં ભોજન, શાક, રાયતાં, અથાણા, જે કાંઈ કહેવાય છે, તે બધું શ્રી લક્ષ્મીનારાયણ દેવ અન્નકૂટમાં જમતા હતા. ત્યાં વર્ણીએ તેમની આરતી કરી. તે સમયે જેટલાં વાજિંત્ર હતાં, તે વાગવા લાગ્યાં. ૬-૮

આરતી વખતે શ્રીહરિ દર્શન કરવા આવ્યા. ત્યારે સંતો સાથે હતા. એટલે શ્રીહરિ તથા સંતો શ્રી લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરી રહ્યા ત્યારે જે હરિભક્ત પુરુષો હતા તે સહુએ દર્શન કર્યાં. જ્યારે હરિભક્ત પુરુષો દર્શન કરી રહ્યા તે પછી બધી હરિભક્ત બાઈઓએ દર્શન કર્યાં. જ્યારે હરિભક્ત બાઈઓ દર્શન કરી રહી ત્યારે ભગવાન આગળથી અન્નકૂટ ઉઠાવ્યો. ૯-૧૧. જ્યારે શ્રી લક્ષ્મીનારાયણ દેવ તે અન્નકૂટને જમી રહ્યા પછી શ્રીહરિ અન્નકૂટનો પ્રસાદ જમ્યા. અન્નકૂટમાં જેટલાં ભોજન કર્યાં હતાં તેમાંથી જોઈએ તેટલું કાંઈક થોડું થોડું લીધું ૧૨-૧૩. જેટલો અન્નકૂટ હતો તે બધો ઘીમાં કરેલો હતો અને તેલમાં કરેલ જે ભોજન હતાં, તે શ્રીહરિને સ્વ્યતાં નહિ. ૧૪. શ્રીહરિને જે સ્વ્યતું નહિ, તે ધરતા તોપણ તે જમતાં નહિ. ભક્તજનનો જેવો ભાવ હોય તેવું તેમાંથી ગ્રહણ કરતા.

જે હરિભક્તોએ અન્નકૂટ કર્યો હતો, તે શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૨૭. તેમણે કેસરયુક્ત ચંદન લાવી શ્રીહરિની પૂજા કરી, તેમાં ફૂલના હાર પહેરાવ્યા અને મસ્તક ઉપર ફૂલના તોરા ધરાવ્યા. ૨૮. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધરાવ્યા અને ભુજાઓ ઉપર ફૂલના બાજુબંધ બાંધ્યા. ૨૯. સોનેરી કોરનો ભારે કસુંબલ રેટો ઓઢાડ્યો અને કપૂરની આરતી કરી. સહુ મુખથી 'જય જય... જય જય...' બોલવા લાગ્યા. ૩૦ જ્યારે આરતી કરી રહ્યા તે પછી સંતોની પૂજા કરી. કેસરયુક્ત ચંદનની અર્ચા કરી અને કુંકુંમનો ચાંદલો કર્યો. ૩૧. હજારી ફૂલના હાર તે વખતે સંતોને પહેરાવ્યા. તે સમયે અનંતકોટિ બ્રહ્માંડની જે શોભા હતી, તે બધી શ્રીહરિએ દબાવી દીધી હોય તેમ લાગતું હતું.

જ્યારે સંતોની પંગતમાં શ્રીહરિ પીરસી રહ્યા ત્યારે સહુ સંતોને શ્રીહરિએ ઘણા પ્યારથી જમવાની આજ્ઞા કરી. ૨. સંતો જમવા લાગ્યા. ત્યારે શ્રીહરિ પાંચ વખત પંગતમાં પીરસવા ફર્યા. સંતો જ્યારે જમતા બંધ થયા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા અને સંધ્યા વખત થયો ત્યારે શ્રીહરિએ કર ચરણ ધોયા અને મશાલો પ્રગટી. ૩-૪. શ્રીહરિએ પહેરેલાં કપડાં બદલ્યાં અને સભામાં શોભે તેવાં વસ્ત્ર પહેરીને મંદિરના પાછળના ભાગમાં ચોતરા ઉપર ગાદી બિછાવી હતી ત્યાં આવીને બેઠા અને પાછળના ભાગમાં સુંદર તકિયો મૂક્યો હતો. તે વખતે શ્રીહરિનાં દર્શન કરવા માટે સંતો તથા હરિભક્તોની સભા થઈ. ૫-૬. પછી શ્રીહરિએ સંતોને કહ્યું કે, "હવે સાંજનો વખત થયો છે એટલે પૂરવ રાગના તથા ગોડીનાં પદ બોલો. સમય વિના વાત શોભતી નથી. ૭."
(શ્રીહરિચરિત્રામૃતસગાર, પૂર-અઠ્ઠાવીશમું. તરંગ-૬૪, પેજ ૭૯૪૧-૭૯૪૫)



## હિંડોળા લીલા

વડતાલના હરિભક્તોએ શ્રીજી મહારાજને અનેક રીતે લાડ લડાવેલા. હિંડોળામાં ઝૂલાવીને પણ. એક ફૂલદોલોત્સવ પર બાર બારણાંનો હિંડોળો બનાવડાવી, વડતાલના હરિભક્તોએ અનન્ય ભાવ વ્યક્ત કર્યો. શ્રીજી મહારાજે પણ ૧૨ દિવ્ય સ્વરૂપે આ હિંડોળામાં સહુને દર્શન આપ્યાં. શ્રીહરિને હિંડોળે ઝૂલાવવાના વડતાલના ભક્તોના મનોરથને પણ માણીએ.

વડતાલમાં વિવિધ સ્થળોએ વડતાલના હરિભક્તોએ હિંડોળા બનાવેલ. હાલના જ્ઞાનબાગ ખાતે આવેલ આંબલા પર, ઓટાથી ઉગમણી દિશાએ આવેલ આંબલી પર, નારણગર બાવાજીની આંબલિએ હિંડોળા બનાવાયેલ.

વાસુદેવચરણદાસજી સ્વામીએ ગાયું છે:

વ્રતપુરીમાં વારમવાર રે, આવી આવીને ધર્મકુમાર રે;
આપે આનંદ અક્ષરવાસી રે, પ્રાણજીવન પ્રીત પ્રકાશી રે ... ૦૩
મોટે આંબલે આનંદરૂપ રે, બેઠા હિંડોળે મહામુનિ ભૂપ રે;
આંબલાની ઉગમણી ડાળ રે, બાંધ્યો નિષ્કુળાનંદ દયાળરે ... ૦૪
બની બિરાજિયા બહુનામી રે, છબી ધામ સહજાનંદસ્વામી રે;
અંગોઅંગ ધરી શણગાર રે, શોભે રસિયો ધર્મકુમાર રે ... ૦૫
પંચ વર્ષનો આંબલો હતો રે, થયો ચૌદ ભુવનમાં તે છતો રે;
આંબે બાજરિયે બીજીવાર રે, બેઠા હિંડોળે પ્રાણઆધાર રે... ૦૬
પગી જોબન ભક્ત ઉદાર રે, બંધાવ્યો હિંડોળો તે સાર રે;
તિયાં બિરાજિયા અલબેલ રે, છબી ધામ છોગાવાળો છેલ રે ... ૦૭
ઓટાથી ઉગમણી આંબલી રે, બાંધ્યો હિંડોળો શોભા ભળી રે;
રણછોડબાપુ ભૈયે રસ રીતે રે, બંધાવ્યો હિંડોળો પ્રીતે રે ... ૦૮
બેઠા બની ઠની બહુનામી રે, પોતે અક્ષરધામના ધામી રે;
બેઉ આંબે હિંડોળો ઉદાર રે, બાંધ્યો નિષ્કુળાનંદજીએ સાર રે ... ૦૯
તેની શોભા કહી નવ જાય રે, બેઠા હિંડોળે મહા મુનિરાય રે;
ધર્યો મુગટમણિ મહારાજ રે, કીધાં કોટીક જનનાં કાજ રે ...૧૦
હતા પંચના આંબા એહ રે, બેઠા હિંડોળે પ્રબળ પ્રતાપ રે ... ૧૧
શોભે શિર પર સુંદર પાઘ રે, છોગાં સહિત ઝૂકી વામ ભાગ રે... ૧૨
(હરિચરિત્રચિંતામણિ, ૩ થી ૧૨, પૃ.૩૮૬-૩૮૭, કિ.૧૦૪)

## વડતાલમાં પુષ્પદોલોત્સવ (રંગોત્સવ)

### ૧.ધર્મગ્રંથોમાં ઉલ્લેખ

#### ૧.૧. સંત્સંગિજીવન

'સંત્સંગિજીવન' ના પ્ર.૩, અ.૪૭ થી અ.૬૪ માં વડતાલમાં ઉજવાયેલા પુષ્પદોલોત્સવનું વર્ણન કરવામાં આવેલ છે.

આ પુષ્પદોલોત્સવ કયા વર્ષમાં ઉજવાયો તેને ઉલ્લેખ અ.૪૭ ના ૧૨ માં શ્લોકમાં થયો છે: '....ભગવાન શ્રીહરિ વિક્રમ નામના સંવત્સરમાં ફાગણ શુક્લ છઠને દિવસ વડતાલ નગર પ્રત્યે જવા રવાના થયા.' (રાજકોટ ગુરુકુળ પ્રકાશન, ૨૦૧૫)

પ્ર.૩ ના અ.૪૯ માં આ વર્ષે શ્રીહરિનાં પરિવારજનો વડતાલ પધારે છે તે વાત નોંધાઈ છે, આથી આ પુષ્પદોલોત્સવ વિ. સં. ૧૮૭૫નો ગણી શકાય.

રંગોત્સવ બાદ શ્રીહરિ 'ધના સરોવર' પધાર્યા. (અ.૫૮, શ્લોક.૩૯)

#### ૧.૨ 'વડતાલ દર્શન'

શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ સંસ્થા પ્રકાશિત, શ્રી શ્રી રમેશચન્દ્ર લા. પંડ્યા લિખિત 'વડતાલ દર્શન' (બીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૯૯) ના ૧૯ મા પ્રકરણમાં વડતાલમાં ઉજવાયેલ પુષ્પદોલોત્સવનું વર્ણન કરાયેલ છે.

અહીં બે ઘટનાઓનો ઉલ્લેખ છે: ૧) આ પુષ્પદોલોત્સવ વખતે ધર્મકુળ પરિવારના સભ્યો વડતાલ

પધાર્યા. ૨) સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ ૧૨ બારણાંનો હિંડોળો બનાવ્યો ને તેમાં શ્રીહરિએ દિવ્ય દર્શન દીધાં. આ વર્ષ વિ.સં. ૧૮૭૫ નું હતું તેમ શ્રી રમેશચન્દ્ર લા. પંડ્યા નોંધે છે.

શ્રી રમેશચન્દ્ર લા. પંડ્યાએ 'સત્સંગિજીવન' પ્ર.૩માં વર્ણવાયેલા પુષ્પદોલોત્સવનો આધાર લઈ, વિશ્લેષણ, વિવેચન અને પૂરક સામગ્રી ઉમેરી આ પુષ્પદોલોત્સવનું વર્ણન કર્યું છે.

## ૧.૩ શ્રી હરિચરિત્રામૃત સાગર

સદ્.આધારાનંદ મુનિ રચિત 'શ્રીહરિચરિત્રામૃત સાગર' માં વડતાલમાં ચાર વખત પુષ્પદોલોત્સવ ઉજવાયાના ઉલ્લેખ મળે છે.

ભા-૬ ના પૂર-૧૬, તરંગ ૪૯ થી તરંગ ૬૭માં વડતાલમાં ઉજવાયેલ પુષ્પદોલોત્સવનું વર્ણન કરાયું છે. વડતાલના હરિભક્તોએ, શ્રીહરિની આજ્ઞા મેળવી, સદ્. નિષ્કુળાનંદ સ્વામી પાસે ૧૨ બારણાંનો હિંડોળો આ ઉત્સવ માટે બનાવડાવેલ તેની વિગત વર્ણવાઈ છે.

રંગોત્સવ પછી, શ્રીહરિ 'ત્યાં નજીકમાં મૂળજી પટેલનો જે કૂવો હતો ત્યાં' સ્નાન કરવા ગયા. (પૂ. ૧૬, ત.૬૬, શ્લો-૩૭)

'શ્રીહરિચરિત્રામૃત સાગર' ના ભા-૭, પૂ-૧૭, ત-૨૭ થી ત-૪૨ માં વડતાલમાં ઉજવાયેલ એક પુષ્પદોલોત્સવનું વર્ણન કરાયું છે. (પૃ.૪૬૦૩ થી પૃ.૪૬૫૪)

પૂ.૧૭, ત-૨૨ અને ૨૩ માં લખ્યા મુજબ, શ્રીહરિએ સંતો સાથે ચર્ચા-વિચારણા કરી વડતાલમાં પષ્પદોલોત્સવ ઉજવવાનું નક્કી કર્યું અને તે સંદર્ભે વડતાલ રહેતા ભાઈ રામદાસજી પર પત્ર લખ્યો. વડતાલના ભક્તો રાજી છે તેવો ભાઈ રામદાસજી સ્વામીનો પત્ર આવતાં શ્રીહરિ ગઢડાથી વડતાલ જવા નીકળ્યા.

આ ઉત્સવમાં સંતોએ શ્રીહરિને ચણોઠીથી શણગારેલા. (પૂ.૧૭, ત.૩૧, શ્લો-૩૩ થી ૩૭) તો સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ 'સારો રંગીન હીંડોળો બે આંબાઓની વચ્ચે બાંધ્યો' (ત-૩૬, શ્લોક ૧-૭) લહેરી ચિદાનંદ સ્વામી દ્વારા વગાડાતી નોબતનો આ ઉત્સવમાં ઉલ્લેખ થયો છે. (તં-૩૮, શ્લો.૨૨) પછી શ્રીહરિ 'કુબેરદાસ પટેલ' ના કૂવે સ્નાન કરવા ગયા. (ત. ૪૨, શ્લો-૨)

'શ્રીહરિચરિત્રામૃત સાગર' ભા-૧૧, પૂ-૨૬, ત-૭૦ માં એક પુષ્પદોલોત્સવ વડતાલમાં ઉજવાયાનું વર્ણન છે.

વડતાલ ખાતે 'ભગવાન દ્વારકાધિશ બધા તીર્થોને સાથે લઈને વડતાલ આવ્યા ત્યારે' પણ શ્રીહરિએ પુષ્પદોલોત્સંવ ઉજવેલ, જેનું ટૂંક વર્ણન અહીં આપવામાં આવેલ છે.

'શ્રીહરિચરિત્રામૃત સાગર' ભા-૧૨, પૂ.૨૯, ત.૨૨ માં લખાયા મુજબ વધુ એક વખત શ્રીહરિએ વડતાલમાં પુષ્પદોલોત્સવ ઉજવ્યો.

શ્રીહરિ વડતાલ મંદિરનું અધૂરું કામ પૂરું કરાવતા હતા. એ માટે એમણે ૩૨ ઈંટો પણ ઉપાડેલી. એ વર્ષે શ્રીહરિ ચૈત્રી પૂનમ સુધી વડતાલ રહેલા, અને તે દરમ્યાન હુતાશનીનો ઉત્સવ ઉજવેલ.

## ૧.૪ ભક્ત ચિંતામણિ

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્ત ચિંતામણિ' માં વડતાલમાં પુષ્પદોલોત્સવનું વર્ણન કર્યું છે તેમાં બે વાત ખાસ નોંધવા લાયક છે:

૧) પછી સખે કર્યો' તો હિંડોળો, સારો શોભિત સુંદર પહોળો ॥
બાર બારણે ઓપે અનૂપ, જોયા જેવું છે જાણિતું રૂપ ॥૧૭॥

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ બનાવેલ બાર બારણાંવાળો હિંડોળાનો ઉલ્લેખ છે.

૨) એમ ઉત્સવ કર્યો અવિનાશે, કરાવ્યો બાપુ રણછોડદાસે ॥
કરી વરતાલ દેશ વિદિત, ધન્ય નર એ નારીની પ્રીતિ ॥ ૩૯॥
કર્યો ઉત્સવ જગજીવને, ફાગણ સુદી પુન્યમને દને ॥
તે દિ સુંદર ઉત્સવ કરી, પછી પાંચાળે પધાર્યા શ્રીહરિ ॥૪૦॥

વડતાલના બાપુ રણછોડદાસે આ ઉત્સવ કરાવેલો તેવું અહીં નોંધાયું છે.

'ભક્ત ચિંતામણિ' પ્ર. ૭૪ માં પણ વડતાલમાં પુષ્પદોલોત્સવ ઉજવાયાનું વર્ણન છે.

આમાં વર્ણવાયું છે કે, શ્રીહરિએ હુતાશનીનો ઉત્સવ ઉજવવા શ્રીહરિએ સ્થળ શોધવાનું સંતોને જણાવ્યું અને સૌએ વડતાલ જ સૂચવ્યું. તેમાં ગવાયું છે:

પણ જળ છાયાની જુગતિ, વરતાલ જેવી બીજે નહીં ॥૧૪॥
વાલ્યમ કહે વરતાલ જેવું, નથી બીજું કોઈ ગામ ।।
સત્સંગના મધ્યમાં, સુંદર એહ એક ગામ ॥૧૫ ॥

પણ, પુષ્પદોલોત્સવ માટે રંગ ભરવાની મુશ્કેલી પડતી. આથી શ્રીહરિએ વડતાલ ખાતે બે હોજ કરાવવા ખાસ સૂચવ્યું.

વારંવાર વર્ષો વર્ષ, હલવાંમણ છે હોજની ॥
કરો ચિરાબંધ ચોકસિ, છાય સુંદર રમત્ય મોજની ॥૧૭॥
પછી પાકા હોજ કરાવીને, એક ચોતરો ચણાવીઓ, ॥
અલબેલાને બેસવા, સુંદર સારો બણાવિઓ ॥૧૮ ॥

જ્ઞાનબાગ ખાતે આવેલ બે હોજ અને એક ચોતરો આ ઉત્સવની પ્રસાદી.

### ૧.૫. શ્રી હરિકૃષ્ણ લીલામૃત સાગર

સદ્. શ્રી માધવદાસજી સ્વામીએ તેમના ગ્રંથ 'શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર'ના તરંગ ૧૪૫ અને ૧૪૬ માં 'શ્રીહરિએ કરેલા સમૈયા-ઉત્સવોની યાદી' આપી છે તે મુજબ, ચાર વખત શ્રીહરિ વડતાલ હોળી રમવા પધારેલા.

આવ્યા વડતાલ હરિ રમવા, મહામુક્ત તણે મન ગમવા ॥
ખૂબ મેડે વળી રંગરેલ, થયું ફળિયું રેલમછેલ ॥૨૪॥

આ પ્રસંગ વડતાલ ખાતે જોબનપગીના ઘરે ઉજવાયેલ ને તેનું વર્ણન સ્વામીએ તરંગ ૨૮માં કર્યું છે.

૨. વડતાલે આવ્યા તત્કાળ, થાળ કર્યો ને જમ્યા દયાળ ॥૩૫॥
વળી હોજ કરાવ્યા છે હરિ, પિચકારી વાલે હાથ ધરી ॥
રમતાં આકળા થયા ધર્મલાલ, કરતાં લીધી ધીરજવાન ઢાલ ॥ ૩૬॥
બહુ રંગે રમ્યા સુખધામ, ખૂબ રમ્યા છે પૂરણકામ ॥

વડતાલ ખાતે ઉજવાયેલ આ પુષ્પદોલોત્સવનું વર્ણન સ્વામીએ તરંગ ૪૬માં કર્યું છે.

૩. વડતાલે આવ્યા છે વાલમ, મુનિ સહુને પડી માલમ ॥૪૦॥
જમ્યા પ્રીતે કરી હરિ થાળ, પછી જમાડ્યા મુનિ મરાળ ॥
હેમ વસ્ત્ર ને ઘરેણાં પેરી, શિર મુકટ કલગી ધરી ॥ ૪૧॥
પછી રંગે રમ્યા કિરતાલ, અને ઘોડે થયા અસવાર ॥
એ સમૈયો કરી સુખધામ, આવ્યા ગઢડે પૂરણકામ ॥૪૨॥
૪. હોરી ફાગ તે રમવાને કાજ, આવ્યા વડતાલે શ્રીમહારાજ ॥૫૧॥

વડતાલ ખાતે , જોબનપગીના ઘરે શ્રીહરિએ રંગોત્સવ ઉજવ્યો તેનું વર્ણન સદ્. શ્રી માધવદાસજી સ્વામીએ તેમના ગ્રંથ 'શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર' ના તરંગ ૨૮ (કડી ૩ થી ૪૧)માં કર્યું છે. સદ્ગુરુ શ્રી માધવદાસજી સ્વામી 'શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર' માં વડતાલમાં ઉજવાયેલ અન્ય એક પુષ્પદોલોત્સવનું વર્ણન તરંગ ૪૬ (કડી ૧ થી ૪૫)માં કરે છે.

મહત્વની લીલા તો એ છે કે, જ્યારે શ્રીહરિએ સૌ સંતોને તેમને હિંડોળાથી નીચે ઉતારવા કહ્યું ત્યારે કોઈ સંત કે સંતો એમ કરી ન શક્યા!

### ૧.૬ વડતાલમાં ચાર વખત પુષ્પદોલોત્સવની ઉજવણી

વડતાલમાં શ્રીહરિએ ચાર વખથ પુષ્પદોલોત્સવ ઉજવ્યા તેમ સ્પષ્ટ થાય છે.

૧. શ્રીહરિએ પુષ્પદોલોત્સવ ઉજવવા સંતો સાથે ચર્ચા કરી, વડતાલ પસંદ કર્યું અને ભાઈ રામાનંદ સ્વામીને તે માટે જણાવ્યું, તદનુસાર ઉજવાયેલ પુષ્પદોલોત્સવ. આ પ્રસંગે સંતોએ શ્રીહરિને ચણોઠીથી સજાવેલ, નિષ્કુળાનંદ સ્વામીએ બે આંબા વચ્ચે હિંડોળો બાંધેલ, રંગોત્સવ પછી શ્રીહરિ કુબરેદાસ પટેલના કૂવે સ્નાન કરવા ગયેલા ને તે વર્ષે તેઓ 'સાડત્રીશ' વર્ષના હતા. આ વર્ષ ઈ.સ. ૧૮૧૭ નું હતું. 'ભક્તચિંતામણિ' માં પણ (પ્ર. ૭૪) આ ઉલ્લેખ છે.

૨. શ્રીહરિનાં પરિવારજનો પ્રથમ વખત વડતાલ પધાર્યા તે જ સમયે સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાંનો હિંડોળો બનાવેલ અને તેમાં શ્રીહરિએ ૧૨ દિવ્ય સ્વરૂપે દર્શન આપેલ. આ બે ઘટનાવાળો પુષ્પદોલોત્સવ. 'સત્સંગિજીવન' (પ્ર-૩:, 'વડતાલ દર્શન' (પ્ર-૧૯) અને 'શ્રીહરિચરિત્રામૃતસાગર', (ભા- ૬, પૂ-૧૬, ત- ૪૯ થી ૬૭)માં આ પુષ્પદોલોત્સવનું વર્ણન થોડા ઘણા ફેરફાર સાથે, આપવામાં આવેલ છે. 'ભક્તચિંતામણિ' (પ્ર- ૭૩)માં પણ આ ઉલ્લેખ છે. આ વર્ષ વિ.સં. ૧૮૭૫ (ઈ.સ. ૧૮૧૯)નું હતું.

૩. 'શ્રીહરિચરિત્રામૃત સાગર' માં જણાવ્યા પ્રમાણે, વડતાલ મંદિરનું અધૂરું કામ પૂરું કરાવવા શ્રીહરિ જ્યારે વડતાલ રહેલા અને ૩૨ ઈંટો પોતાના માથે ઉપાડેલી તે વર્ષે પણ શ્રીહરિએ વડતાલ ખાતે પુષ્પદોલોત્સવ ઉજવેલ. આ વર્ષ હતું ઈ.સ. ૧૮૨૪નું.

૪. વડતાલ ખાતે ભગવાન દ્વારકાધીશ બધાં તીર્થો સહિત પધાર્યા ત્યારે શ્રીહરિ વડતાલ આવેલા અને પુષ્પદોલોત્સવ ઉજવેલ. આ વર્ષ હતું ઈ.સ. ૧૮૨૭નું.

આમ, સ્વામિનારાયણ સંપ્રદાયનાં પ્રમુખ ધર્મશાસ્ત્રોમાંની વિગતો મુજબ, શ્રીહરિએ ચાર વખત વડતાલ ખાતે પુષ્પદોલોત્સવ ઉજવેલ.

આ પુષ્પદોલોત્સવ દરમિયાન બનેલી ઘટનાઓનાં વર્ષ શોધી અહીં પુષ્પદોલોત્સવનાં ઈ.સ. વર્ષ નોંધ્યા છે. કોઈપણ ગ્રંથમાં આ ઉત્સવની સાલ નોંધવામાં આવી નથી. વળી, આપણાં ગ્રંથોમાં શ્રીહરિનાં ઐશ્વર્ય અને લીલાઓ લેખકોએ પોતપોતાની રીતે, પોતાના ધ્યેયને ધ્યાનમાં રાખી, પૂરી અથવા અધૂરી નોંધી છે. આ તમામને ધ્યાનમાં લઈ અહીં વડતાલમાં થયેલ પુષ્પદોલોત્સવ વર્ણવ્યા છે.

વડતાલમાં ઉજવાયેલ ચાર પુષ્પદોલોત્સવનાં વર્ણન પણ સંપ્રદાયના ગ્રંથોમાં આપવામાં આવ્યાં છે. એના આધારે આ ચાર પુષ્પદોલોત્સવની વિગતો અહીં સારાંશ રુપે નોંધી છે. આશય એટલો જ છે કે, શ્રીહરિની લીલાઓનો આપણને શાબ્દિક પરિચય પ્રાપ્ત થાય.

### રથયાત્રાનો ઉત્સવ

'શ્રીહરિચરિત્રલીલામૃતમ'(ભા- ૩ કળશ -૭, વિશ્રામ- ૨૩)માં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રી વડતાલ ખાતે ઉજવાયેલ રથયાત્રાના ઉત્સવનો ઉલ્લેખ કરે છેઃ

વરતાલમાં શ્રીવૃષલાલે, રથયાત્રા કરી નેહ કાળે;
આસપાસના હરિજન આવ્યા, સૌને આનંદ ઉર ઉપજાવ્યા.... ૧૮

ગઢડાથી વરતાલ પધારેલ શ્રીજી મહારાજ સંત સમાજ સાથે આવેલા અને ઉનાળાનો સમય હોઈ, આસપાસનાં ગામોમાં વિચરણ કરી, જે તે ગામોના હરિભક્તોની રસ રોટલીની રસોઈ સ્વીકારેલ.

## યજ્ઞોપવિત સંસ્કાર વિધિ

વિ. સં. ૧૮૭૫ (ઈ.સ. ૧૮૧૯) માં ફૂલદોલનો ઉત્સવ પતાવ્યા બાદ વડતાલ ખાતે શ્રીજી મહારાજે એક યજ્ઞોપવિત સંસ્કાર વિધિ યોજેલી. આ પ્રસંગે ત્રણ બ્રાહ્મણ બટુકોને જનોઈ આપવામાં આવેલી. ડભાણના દયારામ, માણસાના અનોપરામ અને વડથલના જાદવજીના દીકરાઓને જનોઈ વગરના જોઈ શ્રીજી મહારાજે આ ત્રણેય વિપ્ર બાળકોને જનોઈ આપવાનું વિચાર્યું. વડતાલના બામણોલીના ફળિયામાં યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવેલ.જનોઈ આપવામાં આવેલ બટુકોને ગાયત્રી મંત્રનો ઉપદેશ શ્રીજી મહારાજે આપેલ.બડવો દોડીને આ ત્રણ બટુકો જ્ઞાનબાગ સુધી દોડેલા, જ્યાંથી તેમને પરત લાવવામાં આવેલ, શ્રીજી મહારાજે ત્રણ પાઘડિયો આ ત્રણ બટુકોને પહેરાવેલ. આ ત્રણ પાઘડીયો જસૂજી પગી લાવેલા. શ્રીજી મહારાજે આ પ્રસંગે હાજર તમામ બ્રાહ્મણોને દાન આપેલાં અને સૌને ભોજન કરાવેલ.

'શ્રીહરિલીલામૃતમ' (ભા -૩, કળશ-૭, વિશ્રામ - ૬૨)માં આ પ્રસંગ વર્ણવાયો છેઃ

ત્રણ દ્વિજસુતને ઉપવીત, આપ્યાં તેની કહું સુણો રીત;
જોશી ડભાણના દયારામ, માણસાના તો અનોપરામ. ૩૦.
વડથલના જાદવજી નામ, તેહ ત્રણે બાળકને તે ઠામ;
ઉપવીત વગરના જ જોઈ, ધાર્યું જીવને દેવા જનોઈ. ૩૧
મુહૂરત જુગતે જોવરાયું, તે તો થોડા દિવસમાં આવ્યું;
બામણોલિયાના ફળિયામાં, રચ્યો મંડપ તેહ સમામાં. ૩૨
ઘર ગંગામાને રહેવાનું, હતું ત્યાં રસોઈ કરવાનું;
ત્રણ દ્વિજને જનોઈ ત્યાં દીધી, વિધિ વેદોક્ત તે સર્વ દીધી.. ૩૩
મંત્ર ગાયત્રિનો ઉપદેશ, પ્રીતે પોતે દીધો પરમેશ;
બડવા ત્રણેને ત્યાં દોડાવ્યા, જ્ઞાનબાગ સુધી એ તો આવ્યા. ૩૪
વાજતે ગાજતે ત્યાંથી લાવ્યા, લાવી મંડપમાં પધરાવ્યા;
અવિનાશીયે એ સ્થળે આવી, ત્રણ પાઘડીઓ ત્યાં મંગાવી. ૩૫
પગી જુસજીયે દીધી લાવી, બડવા ત્રણેને તે બંધાવી;
નાત નાતના બ્રાહ્મણ જેહ, જગદીશે જમાડિયા તેહ. ૩૬
દીધાં દક્ષિણાદાન અપાર, જન સૌ કહે જય જયકાર;
એમ વાલે વસી વરતાલ, ઘણી લીલા કરી તેહ કાળ. ૩૭

ધર્મકુળના ઈચ્છારામભાઈ અને વળિયાળીબાઈના સુપુત્ર સીતારામને પણ ધારુ તળાવ ગળાવીને ગોમતીજી પ્રતિષ્ઠિત કર્યાના પ્રસંગ બાદ વડતાલ ખાતે યજ્ઞોપવિત સંસ્કાર વિધિ કરવામાં આવેલ.

'શ્રીહરિલીલામૃતમ' (ભા- ૪, કળશ-૮, વિશ્રામ - ૪૫)માં ગવાયું છેઃ

ચૈત્ર શુકલ દશમ દિન જોઈ, સીતારામને દીધી જનોઈ, ૧૧
રચ્યો મંડપ મોટો મેદાન, સર્વ જાણીને વેદવિધાન;
ઈચ્છારામને વળિયાળીબાઈ, ગ્રહશાંતિ કરી સુખદાઈ. ૧૨
કર્યા સંસ્કાર એણે અશેષ, દીધો શ્રીજીએ મંત્રોપદેશ;
પોંચી ને દોરો કાંચન કેરો, આપ્યો પોશાક સરસ ઘણેરો. ૧૩
હરિભક્તોએ પણ તેહ કાળ, આપ્યા પોશાક ને ધનમાલ;
તેહ લખવાને બેઠા ઠક્કર, ગામ બૂધેજના પીતાબંર. ૧૪
આવી ઊભી તહાં અષ્ટસિધ્ધિ, જહાં કૃષ્ણ તહાં નવ નિધિ;
સંત બ્રાહ્મણ ભોજન કીધાં, દક્ષિણા દાન વિપ્રોને દીધાં. ૧૫

આ પ્રસંગ પછી જ નંદરામ, ગોપાળજી અને ફુલઝરીબાઈ વતન જવા નીકળેલાં ને તેમને ખરચી માટે ઘણાં દ્રવ્ય દીધાં.

## ગોમતીજી ગળાવ્યાં

એક સમે બ્રહ્માનંદ સ્વામીનો પત્ર આવતાં શ્રીજી મહારાજ ગઢડાથી વડતાલ પધાર્યા. બ્રહ્માનંદ સ્વામીએ ત્રણ મંદિરના પાયા અને સાડા નવ ગજનો ઓટો કર્યો તે મહારાજને દેખાડ્યો. ને એમ કહ્યું જે, 'આટલો ઊંચો કર્યો ત્યારે આથમણા ખેતર બરોબર આવ્યો છે. એટલી આ મંદિરની પૃથ્વી નીચી છે.' બ્રહ્માનંદ સ્વામીની વિનંતી થકી, શ્રીજી મહારાજે બાઈભાઈ, પરમહંસ, બ્રહ્મચારી, પાળા સૌને ઈંટવાડેથી ઈંટો લાવવા જણાવ્યું.

બીજે દિવસે શ્રીજી મહારાજ ઘોડીએ અસવાર થઈને ધારુ તલાવડીએ પહોંચ્યા. જ્યાં હમણાં છત્રી છે ત્યાં ઢોલિયે બિરાજ્યા. મુનિમંડળ, બ્રહ્મચારી ને હરિજન તે સર્વે પગે લાગીને બેઠા. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'સૌ સાંભળજો આજથી આ તલાવડીનું નામ ગોમતી છે. સર્વે એને ગાળવા માંડીએ. અને તેનો ગાળ કાઢીને મંદિરમાં પૂરણી કરવી છે.'

પછી ગોમતીમાં ઘોડી ફેરવી. પાવડા ને કોદાળી મંગાવીને ખોદવા માંડ્યા. તે મહારાજ કહે, 'ભરો ફાંટુ ને ચાલો.' તે જેમ રામચન્દ્રનું સૈન્ય સમુદ્ર બાંધવા ચાલ્યું. દેશદેશના હરિજન તે સર્વેએ શાલો, દુશાલા ને ભારે ભારે વસ્ત્રમાં ગોમતીની માટી બાંધવા માંડ્યા. તે કોઈકે માથે લીધીને કોઈકે ખભે લીધી. ઓટાને ફરતી પૂરણી પુરાવા માંડી. મશાલો લઈને મહારાજ પણ અડધી- અડધી રાત જાગી બિરાજે. (આધાર - શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત, વિશ્રામ ૬૨, પૃ. ૬૬૯-૭૨)

## વસંત પંચમીની ઉજવણી

વડતાલ ખાતે શ્રીજી મહારાજે વિ.સં. ૧૮૮૨ના માઘ સુદ પાંચમે શિક્ષાપત્રીની રચના કરી. આ દિવસ વસંત પંચમીનો હતો. શ્રીજી મહારાજે વસંત પંચમીની ઉજવણી પણ કરી.

'સ્વામિનારાયણ વિચરણ લીલામૃત' (પૃ.૧૦૩૦થી ૧૦૩૧)માં નોંધાયું છે :

એવી રીતે પત્રી લખાવીને મહારાજ પાટ ઉપર આવીને ઊભા ને એક કોરે અયોધ્યાપ્રસાદજી, રઘુવીરજી, કાઠી ને પાળા ને એક કોર સાધુ, બ્રહ્મચારી, હરિજન ને ઈચ્છારામભાઈ તે રમવા લાગ્યા. તે રામપ્રતાપભાઈ ડફ વગાડે ને હોરી ગાઈ જે, 'હોરી ખેલે રઘુવીરા અવધ મેં હોરી ખેલે રઘુવીરા.'

એવી રીતે મંદિરને પછવાડે રંગની ઝડી મચી ને ગુલાલ ઊડી રહ્યો છે. ને મહારાજને ઘેરી લીધા ને ભારે ધૂમ મચી. પછી મહારાજ કહે, "હવે જમવાને અસૂર (મોડું) થાય છે." એમ કહીને પાટ ઉપરથી ઊતર્યા ને ઉતારે પધાર્યા ને સંત ને બ્રહ્મચારી ને હરિજન તે સર્વે ગોમતીએ ના'વા ગયા. ને મહારાજ વસ્ત્ર ઉતારીને ના'યા. ને વસ્ત્ર પહેરીને થાળ જમવા બિરાજ્યા. પછી ચળુ કરીને મુખવાસ લઈને ચાખડીએ ચડીને ધર્મશાળામાં સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. તે પલવટ વાળીને લાડુ પીરસતા જાય ને તાણ કરતા જાય. એમ પાંચ વાર પંક્તિમાં પીરસીને જળે કરીને હાથ ધોવરાવ્યા. ને ચાખડીએ ચડીને ઉતારે પધાર્યા. ને જળપાન કરીને ઢોલિયે બિરાજ્યા. ને અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજી એ બેય પૂજા કરવા આવ્યા. તે ચંદનની અર્ચા કરીને કંકુનો ચાંદલો કર્યો, ને ફૂલના હાર પહેરાવ્યા, ને તોરા ને ગુચ્છ ને બાજુબંધ ને ગજરા તે પહેરાવ્યા, ને ચરણારવિંદને ચંદન ચર્ચીને છાતીમાં લીધાં ને પગે લાગ્યા, ને મહારાજ પોઢ્યા.

જાગીને જળના કોગળા કરીને જળપાન કરીને મોજડી પહેરીને ઘોડીએ અસવાર થઈને ગોમતીએ પધાર્યા ને ઘોડીએથી ઊતરીને ગોમતીને કાંઠે બિરાજ્યા. ને ગોમતી ખોદાય ને ધૂળ મંદિરમાં લેવાતી જાય, ને હરિજન ફૂલના હાર પહેરાવે. પછી મહારાજ ઢોલિયા ઉપર ઊભા થયા ને ગોમતીના ખોદનારા જે સંત ને હરિજન તેમને હાર આપ્યા. પછી ઘોડીએ અસવાર થયા. ને સંત ને હરિજન તે જેમ ઊપડે તેમ મૃતિકા લિયે, ને ફાંટો બાંધીને મહારાજની સાથે ચાલ્યા. ને મહારાજને માથે સોનાને ઈંડે છત્ર બિરાજે છે. ને મુખારવિંદ આડો રૂમાલ રહી ગયો છે, ને કંઠમાં ને પાઘ ઉપર પુષ્પના હાર ઝૂકી રહ્યા છે. તેવી શોભાએ સહિત મંદિરમાં પધાર્યા.

અને ઘોડીએથી ઊતરીને પાટ ઉપર બિરાજ્યા. ને ગવૈયા સંત વાજાં લઈને વસંતના પદ બોલવા લાગ્યા. પછી મશાલો થઈ ને લક્ષ્મીનારાયણની આરતી થઈ, ને નારાયણ ધૂન કરી અને શ્લોક બોલીને પગે લાગીને બેઠા. પછી પ્રશ્ન - ઉત્તર થવા લાગ્યા. પછી મહારાજે શુકમુનિ પાસે શિક્ષાપત્રી મંગાવી ને નિત્યાનંદસ્વામીને વાંચવા આપી. પછી હજારો મનુષ્ય સાંભળે તેમ નિત્યાનંદસ્વામીએ વાંચી ને સર્વે રાજી થયા. પછી મહારાજ કહે, "કોઈક માંહી શંકા જણાતી હોય તો બોલો." ત્યારે સંત ને હરિજન સર્વે હાથ જોડીને બોલ્યા, જે, "હે મહારાજ! તમારા લખ્યામાં શંકા શેની હોય?" પછી મહારાજ કહે, "અમે વડતાલ ધામમાં રહ્યા છીએ તેથી નામ લખ્યું છે." પછી 'જય સ્વામિનારાયણ' કહીને ઉતારે પધાર્યા. પછી જળના કોગળા કરીને થાળ જમવા બિરાજ્યા. ચળુ કરીને મુખવાસ લઈને થાળ નિત્યાનંદસ્વામીને મોકલાવ્યો ને પોઢ્યા.

## શ્રી હરિની જળક્રીડા

વડતાલ તો જળ અને ઝાડની ભૂમિ. શ્રીહરિએ અહીં જળક્રીડાઓ કરેલી. એક વખત વરતાલ અઢાર જોડ ત્રાંસા વાગતે થકે મહારાજ ધનાતળાવે સ્નાન કરવા પધાર્યા. ત્યાં રંગભીનાં વસ્ત્રો ઉતારીને જોબનપગીને આપ્યાં અને શ્વેત વસ્ત્રને પહેરીને તળાવમાં ન્હાવા સારૂ પ્રવેશ કર્યો. સ્નાન કરતાં સુરાખાચરને કહ્યું કે - 'તમો ક્ષત્રિયોને આ સાધુઓએ હરાવ્યા, માટે હવે ઢાંકણીમાં પાણી ભરીને બૂડી મરો.' આવાં વિષમ વચનો સાંભળીને સુરાખાચાર કહ્યું કે - 'હે મહારાજ! અમને એ બાવાઓ કાણું હરાવે! જો હું અને આ બ્રહ્માનંદ તળાવમાં એક સાથે ડૂબકી મારીએ અને જે પહેલો નીકળે કે હાર્યો કહેવાય.' અને સુરાખાચરે ડૂબકી મારી તથા બ્રહ્માનંદ સ્વામીએ ડૂબકી મારી.



સુરાખાચર તો થોડીવાર પાણીમાં રહીને બહાર નીકળ્યા. અને બ્રહ્માનંદ સ્વામી નીકળવાના થયા તેટલામાં સુરાખાચર ફરીથી ડૂબકી મારી ગયા. બ્રહ્માનંદજી બહાર નીકળીને જોવા ગયા ત્યારે સુરાખાચર બહાર નીકળેલા નહિ. ત્યાર પછી નીકળ્યા અને મહારાજને કહ્યું કે - 'બ્રહ્માનંદ સ્વામી હાર્યા.' તેથી બ્રહ્માનંદજીએ કહ્યું કે - 'ભગવાન થઈને તમો પણ કેમ કપટ કરો છો?' ત્યારે મહારાજે કહ્યું કે - 'અમારૂં કપટ નથી પણ સુરાખાચરનું છે.' આ રીતે બહુ રમૂજ કરી.

## શ્રીહરિની ભોજન લીલા

એક સમે શ્રીજી મહારાજ વડતાલ ખાતે ઉગમણે ઓરે આંબલાના વૃક્ષ નીચે સભા કરીને બેઠા હતા. તેવામાં મનજીત શલુકપગી ત્યાં દોડતો દોડતો આવ્યો. એણે શ્રીજી મહારાજને દંડવત પ્રણામ કરી, કાકડી અર્પણ કરી. એથી, શ્રીજી મહારાજ રાજી થયા અને મનજીતની કાકડી ખાવા માંડી. સુરા ખાચરે, કાકડીની પ્રસાદી માગી. શ્રીજી મહારાજ કહે, એ કાકડી મારા માટે લાવ્યા છે. એની વાત સાંભળો?

મનજીત શલુક પગીએ કહ્યું, 'બાપજી! હું મારા મોસાળ બામણગામ ગયો હતો. ત્યાં મહીસાગરના પટમાં મારા મામાની કાકડીની વાડી. ત્યાં મે કાકડી ખાધી. ભારે મીઠી લાગી. એનાં બી બહુ થોડા. હું એ બી લઈ આવ્યો અને ખેતરમાં વાવ્યાં. વેલાને ફૂલ આવ્યા ત્યારથી દિ' માં બે વખત હું એને જોતો. ક્યારે ફૂલ થાય અને કયારે ખાઉં એમ થયા કરે. ચોથે દિવસે આપ મારા ગામમાં આવ્યા હતા. મને થયું, આપને કાકડી ખાવા આપું. વેલા ઉપર જોયું તો કાકડી સાવ નાની હતી. આપ તો પાછા વડતાલ આવી ગયા. અને મારે તો મારા મન સાથે રોજ લડવાનું થયું. મને કહે, તું ખા ભગવાનને તો ઘણા મેવા મળે છે. આ અવઢવ ચાલી. આજે જોયું તો, વેલા પર કાકડી થઈ હતી. પેલી અવઢવ તો ચાલુ જ હતી. પણ મેં કાકડીને પછેડીમાં એવી બાંધી કે જલ્દી છૂટે જ નહીં. અને, દોડતો અહીં આવ્યો. હવે બાપજી! તમે કરો તે ખરૂં'

શ્રીજી મહારાજે સુરા ખાચરને કહ્યું, 'હે સુરા ખાચર! આ શલુક છે તો શુદ્ર જાતિ. કંઈ સંસ્કાર કોઈએ આપ્યા નથી. મોટા મુનિવરો પણ જેની સાથે યુદ્ધ કરતાં હારે તે મન સાથે તેણે યુધ્ધ કર્યું અને જીત્યો. મનને જીતીને તે અમારી પાસે આવ્યો છે. એની શૂરવીરતાથી અમે પ્રસન્ન થયા છીએ. શુલક! તારે જે જોઈએ તે માગી લે.'

શલુકે કહ્યું, 'બાપજી! મને માગતાં નો આવડે. મારંુકલ્યાણ થાય એવું કંઈક કરજો. ઘર-ખેતરમાં તો મારો બાપ મૂકીને મરી ગયો ને હું પણ મૂકીને મરી જઈશ. મારે એવું કશું ન જોઈએ. તમે આવો ત્યારે તમારી સાથે જઈશ.' શ્રીજી મહારાજે અતિ પ્રસન્ન થઈ વર આપ્યો. (આધાર; 'વડતાલ દર્શન' પૃ. ૧૭૩ થી ૧૭૫)

## દત્તપુત્રોને આચાર્યપદે સ્થાપન ઉત્સવ

એક સમે વડતાલ દિવાળી અને પ્રબોધની એકાદશી ઉજવવા પધારેલ શ્રીજી મહારાજે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને આચાર્યપદે સ્થાપ્યા.

પછી મહારાજ પાટ ઉપર ઊભા થયા ને એમ બોલ્યા જે, "સાધુ, બ્રહ્મચારી, સંન્યાસી, પાળા ને હરિજન બાઈ -ભાઈ સર્વે ઈંટવાડેથી ચારપાંચ ઈંટો લાવો ને જેણે ન સાભળ્યું હોય તેને સંભળાવો." એમ આજ્ઞા કરીને પાછા પાટ ઉપર બિરાજ્યા. પછી ગોપાળાનંદ સ્વામીને બોલાવીને કહ્યું જે, " પરમ દહાડે ધર્મકુળના બ્રાહ્મણને દત્તપુત્ર કરીને ગાદીએ બેસાડવા છે, તે વેદિકા કરાવો; ને વેદ ભણેલા બ્રાહ્મણને વરૂણીમાં વરાવો; ને બેય દેશના સત્સંગીને ખબર કરજો." એમ આજ્ઞા કરીને મહારાજ ઉતારે પધાર્યા ને સ્નાન કરીને થાળ જમવા બિરાજ્યા. પછી ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા.

અને દામોદરને કહ્યું જે, "બાઈઓને બોલાવો." પછી રાજબાઈ ને ગંગામા આદિ બાઈઓ આવી ને છેટેથી પગે લાગીને બેઠાં. ત્યારે મહારાજ કહે, "ધર્મવંશી જે બ્રાહ્મણ જે રામપ્રતાપ ને ઈચ્છારામ તેમના એક એક પુત્ર લઈને અમારી ગાદી ઉપર બેસાડીએ છીએ. તે ત્યાગી ને ગૃહસ્થ તે સર્વે તેમની પૂજા કરે. ને સધવા ને વિધવા આદિ જે બાઈઓ તે સર્વે તેમની પત્નીઓની પૂજા કરે. ને તે પતિને વચને કરીને તેમને મંત્રનો ઉપદેશ કરશે. તે તમે સર્વે બાઈઓને અરસપરસ સંભળાવજો." ત્યારે બાઈઓ પણ સર્વે રાજી થયાં. પછી મહારાજે કહ્યું જે, "બે દેશ વિભાગના કાગળ લખ્યા છે, તે તમને સંભળાવશું."



પછી એમ કહીને સર્વેને રજા આપી ને મહારાજ પોઢ્યા.

અને સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને પોશાક પહેરીને મોજડી પહેરીને પાટ ઉપર બિરાજ્યા. ને સંત ને હરિજન ને બ્રહ્મચારી એ સર્વે પગે લાગીને બેઠા. પછી રામપ્રતાપભાઈ ને ઈચ્છારામભાઈ તે પોતાના જે આઠ પુત્ર તેમને સહિત આવીને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજીને બોલાવીને કહ્યું જે, " તમે વતાં કરાવીને ગોપાળાનંદસ્વામી વરૂણીમાં બેઠા છે ત્યાં જઈને બેસો." એમ આજ્ઞા કરીને ઉતારે પધાર્યા.ને વડોદરા ને અમદાવાદના સત્સંગી જે સોની તેમને બોલાવીને કહ્યું જે, "તમે બેય ભાઈઓને સારુ સોનાનાં કડાં, વેઢ, વીંટીઓ, પોંચીઓ, ટૂંપિયો(ગળે પહેરવાનું ગૂંથણીવાળું એક ઘરેણું), ઊતરીઓ ને તોડા એ આદિ ઘરેણાં ઘડી લાવો."

પછી બાઈઓ જે, ગંગામા, જીવુબાઈ ને લાડુબાઈ તે સર્વે છેટે બેઠેલાં તે બોલ્યાં જે, "અમારે પણ એમનાં પત્ની તે ગુરુ કહેવાય ને તેમની પૂજા કરીશું ને મંત્ર લઈશું, માટે અમે પણ એમના સારું ઘરેણા ઘડાવશું." ત્યારે મહારાજ કહે, "સારું" એમ કહીને પોશાક ઉતારીને સ્નાન કરીને થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને સંતની પંક્તિમાં પીરસવા પધાર્યા. ને પલવટ વાળીને લાડુ પીરસતા જાય ને તાણ કરતા જાય. ને મહારાજની કેડે નાના પ્રકારનાં શાક, ભજિયાં, વડાં રાયતાં, દાળ, કઢી, પાપડ ને અથાણાં તે પીરસે. ને મહારાજ પાંચ વાર પંક્તિમાં ફર્યા. ને જળે કરીને હાથ ધોવરાવ્યા ને ખુરશી પર બિરાજ્યા. ને રસોઈવાળા હરિજન પૂજા કરવા આવ્યા ને ભારે વસ્ત્ર પહેરાવ્યા, ને ચંદનની અર્ચા કરીને ફૂલના હાર પહેરાવ્યા, ને પગે લાગ્યા. પછી તેમને પ્રસાદીના હાર આપીને ઉતારે પધાર્યા. ને જળપાન કરીને પોઢ્યા.

જાગીને જળના કોગળા કરીને જળપાન કરીને મોજડી પહેરીને ચાલ્યા તે લક્ષાવધિ હરિજન ને સંત ને બ્રહ્મચારી તેમણે સહિત ગોમતીએ પધાર્યા. ને ઓટા ઉપર ઢોલિયે બિરાજ્યા. ને હજારો હરિજન ફૂલના હાર લઈને પહેરાવે. ને મહારાજ પ્રસાદીના હાર પાછા આપે. ને ગોમતી ખોદાય તે મૃતિકા મંદિરમાં લેવાય. પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને મંદિરમાં પધાર્યા. ને ઘોડીએથી ઊતરીને જ્યાં હોમ કરતા હતા, ત્યાં આવીને ઊભા રહ્યા. ને બ્રાહ્મણ સર્વે ઊભા થયા ને મહારાજે ફૂલના હાર આપ્યા ને પાટ ઉપર બિરાજ્યા. ને ગવૈયા સંત વાજાં લઈને ગાવા લાગ્યા. ને મશાલો થઈ ને સંત ગોડી બોલ્યા. ને આરતી ધૂન કરીને પગે લાગીને બેઠા.

પછી મહારાજ બોલ્યા જે, "સવારે ધર્મવંશી બ્રાહ્મણ જે રામપ્રતાપજી ને ઈચ્છારામજી તેમના પુત્ર એક એક લઈને ગાદીએ બેસાડવા છે. ને નરનારાયણ દેશના જે હરિજન હોય તે અયોધ્યાપ્રસાદજીની પૂજા કરજો. ને ત્યાગી જે સાધુ બ્રહ્મચારી ને પાળા તે તો જેની જ્યાં ખુશી હોય ત્યાં રહેજો. અને નિત્યાનંદસ્વામી તે રઘુવીરજીની કોરે, બ્રહ્માનંદ સ્વામી તે અયોધ્યાપ્રસાદજીની કોરે અને ગોપાળાનંદસ્વામી મધ્યસ્થ, તે જેની કોરે એમનું કામ પડશે, ત્યાં બે માસ રહીને કામ કરશે. અને કોઈ વાતનો વાંધો સીમાડાના ગામ વગેરે હરેક હોય તેમાં તો ત્યાગીને ભેળવવા નહિ કેમ જે, વ્યવહારમાં તો ત્યાગી અમાંગલિક છે, માટે ધર્મવાળા જે ગૃહસ્થ હોય તેમને કામમાં ભેળવવા તો કામ સિદ્ધ થાશે. અને મંદિરમાં જેને મોટેરા કરો તે તમારી આજ્ઞાએ કરીને મંદિરના કામકાજ કરશે. ને મંદિરની ઉપજ - ખપત તે તમારા કોઠારીને મોકલીને સંભાળી લેવી ને એમાં કોઈનો વિશ્વાસ કરવો નહિ."

એમ વાત કરીને ઉતારે પધાર્યા ને પોશાક ઉતારીને સ્નાન કરીને થાળ જમીને ચળુ કરીને મુખવાસ લઈને ઢોલિયે બિરાજ્યા. ને તે સમયે સોની ઘરેણાં કરાવ્યાં હતાં. તે લઈને આવ્યા. ને તેને જોઈ મહારાજ રાજી થયા. ને એમની પત્નીઓ સારુ જે ઘરેણાં કરાવ્યાં હતાં, તે તેમને આપ્યાં. અનો મહારાજ એમ બોલ્યા જે, "લક્ષ્મીનારાયણના દેશની જે બાઈઓ હરિજન તે રઘુવીરજીની પત્નીની પૂજા કરશે અને નરનારાયણના દેશની જે બાઈઓ તે અયોધ્યાપ્રસાદજીની પત્નીને પૂજશે." એમ કહીને પોઢ્યા.

સવારે વહેલા જાગીને નિત્યવિધિ કરીને વસ્ત્ર પહેરીને મોજડી પહેરીને મંદિરને પછવાડે પાટ ઉપર બિરાજ્યા ને રામપ્રતાપજી ને ઈચ્છારામજી તેમને ગાદીતકિયા નંખાવીને બેસાડ્યા. ને બ્રહ્મચારી ને પાળા તે સર્વે મહારાજને પગે લાગીને બેઠાં. ને મહારાજ કહે, "બીજી પાટ લાવો અને તેના ઉપર ગાદીતકિયા નંખાવો અને વાજાં વગડાવો. પછી ત્રાંસા, ઢોલ, શરણાઈઓ, રવાજ ને કાંસિયા વગાડવા લાગ્યા. ને ચોઘડિયા વાગતાં હતાં ને નોબત થાતી હતી. અને પ્રેમાનંદસ્વામી ઝાંઝ, મૃંદગ લઈને ઉત્સવ કરતા હતા અને બ્રાહ્મણ વેદની ધૂનિ કરતા હતા.

અને પછી મહારાજે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તેમને જમણે હાથે ઝાલીને પાટ ઉપર બેસાડ્યા અને સુવર્ણમય સુરવાળ ને ડગલીઓ તે પેરાવ્યાં. ને ભારે રેંટો માથે બંધાવ્યો. ને કડાં, વેઢ, વીંટીઓ, ઊતરીઓ,

ટૂંપિયા, પોંચી, બાજુબંધ, કુંડળ મોતીની માળાઓ ને મોતીના તોરા ઈત્યાદિક જે ઘરેણાં તે પેરાવ્યાં. પછી ચંદનની અર્ચા કરીને કંકુના ચાંદલા કર્યા. ને ફૂલના હાર ને તોરા તે બાજુબંધ તે પેરાવ્યા. ને આરતી ઉતારીને હજાર - હજાર રૂપિયા મેલ્યા.

પછી મહારાજે સંતને કહ્યું જે, "તમારે જે જે દેશમાં રહેવાની રુચિ હોય, તે તે આચાર્યને પગે લાગો." પછી સંત ને બ્રહ્મચારી ને પાળા તે સર્વે કેટલાક રઘુવીરજીને પગે લાગીને તેમની કોરે થયા ને કેટલાક અયોધ્યાપ્રસાદજીને પગે લાગીને તેમની કોરે થયા. પછી મહારાજે ગૃહસ્થને કહ્યું જે, "નરનારાયણના દેશના જે સત્સંગી હોય, તે અયોધ્યાપ્રસાદજીની પૂજા કરો ને લક્ષ્મીનારાયણના દેશના જે સંત્સંગી હોય, તે રઘુવીરજીની પૂજા કરો.પછી હરિજન તે નાના પ્રકારનાં ઘરેણાં ને વસ્ત્ર અને રૂપિયા તેણે કરીને પૂજા કરવા માંડ્યા. ત્યારે મહારાજ કહે, "ધીરે ધીરે પૂજા કરો." ને પાળા ભગુજી કહે, "ગામગામના હરિજન ભેગા થઈને આવો." ત્યારે ભેગા થઈને આવવા માંડ્યા. અને પછી મહારાજે મુકુંદ બ્રહ્મચારીને કહ્યું જે, "બાઈઓમાં કેમ છે? ખબર કાઢો." પછી બ્રહ્મચારીએ ખબર કાઢી ત્યાં તો હજારો બાઈઓ સૌ સૌના દેશના આચાર્યની પત્નીઓની પૂજા કરે છે. પછી મહારાજને સંભળાવ્યું, ત્યારે મહારાજ કહે, "બહુ સારું."

પછી તે સમયે અક્ષરધામ, બદરિકાશ્રમ, શ્વેતદ્વિપ, ગોલોક ને વૈકુંઠનાં મુક્તો આવીને ચંદનની વૃષ્ટિ કરવા લાગ્યા અને ફૂલે કરીને વધાવવા લાગ્યા ને જય જયકાર બોલવા લાગ્યા. તેને યોગસમાધિવાળા દેખતા હતા. ને તે સમયે બ્રહ્મા, શિવ, ઈન્દ્ર, વરુણ, કુબેર આદિ તેત્રીસ કરોડ દેવતા પોતપોતાની પત્નીઓ સહિત વિમાનમાં બેસીને આવ્યા. અને શ્રીજીમહારાજનાં દર્શન કરીને પૂજા કરીને પછી બે આચાર્યની પૂજ કરી અને અમૂલ્ય ને રેશમી જે વસ્ત્ર ને મોતીની માળાઓ ને કુંડળ આદિ ઘરેણાં તે પહેરાવ્યા. અને તેમની સાવિત્રી અને પાર્વતી આદિ પત્નીઓએ બેય આચાર્યની પત્નીઓની પૂજા કરી અને અમૂલ્ય રત્નનાં ઘરેણાં ને ભારે ભારે વસ્ત્રોની ભેટ મેલી. અને પછી રજા માગીને સર્વે ગયાં. (શ્રી સ્વામિનારાયણ વિચરણ લીલામૃત, પૃ.૧૦૧૩ થી ૧૦૧૭માંથી)

## ઈચ્છારામભાઈની વરસી વાળી

શ્રીજી મહારાજ વિ. સં. ૧૮૮૪માં એક સમે વડતાલ પધાર્યા. ને મંદિરમાં ઉતર્યા. ને ત્યાં રહીને ઈચ્છારામભાઈની વરસી વાળીને સર્વ સંતને ધર્માદાના દાણા માંગવા દેશમાં મોકલ્યા. (શ્રીહરિ વિચરણ લીલા, સંપા. હરિકેશવદાસ શાસ્ત્રી, વિ. સં. ૨૦૬૬, પૃ. ૧૦૪)

## સંત્સગિજીવન જ્ઞાનયજ્ઞઃ સંપ્રદાયનું પ્રથમ પારાયણ

ભગવાનશ્રી સ્વામિનારાયણના અન્તર્ધાન થયા પછીના વડતાલના ઈતિહાસમાં વિ.સં. ૧૯૧૨ના અધિક અષાઢ સુદ ૪ના રોજ (ઈ.સ. ૧૮૫૬)સંપ્રદાયમાં પહેલું વહેલું પારાયણ યોજવામાં આવ્યું. કાર્તિક સુદ ૧૧, વિ.સં. ૧૯૧૩ના રોજ આ પારાયણની પૂર્ણાહુતિ થયેલી. આ પારાયણ પુરા પાંચ માસ અને અગિયાર દિવસ ચાલેલી.

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ 'શ્રીહરિલીલામૃતમ' (ભા-૪, કળશ-૧૦ અને વિશ્રામ ૯, ૧૦) અને શ્રી રમેશચન્દ્ર લા. પંડ્યાએ 'વડતાલ દર્શન' (પ્ર. ૩૫)માં આ પારાયણ અંગે વિગતે લખ્યું છે. એ બંને વર્ણનના મહત્વના મુદ્દા આ પ્રમાણે છે.

- આ પારાયણના પ્રયોજક અને મુખ્ય શ્રોતા વડતાલ દેશના પીઠાધિપતિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રી હતા.
- સંતોની ધર્મશાળા કહેવાય છે તે સ્થળે આ પારાયણ યોજવામાં આવેલ.
- કથા સવાર - બપોર - સાંજ એમ ત્રણ સમય વાંચવામાં આવતી.
- કથાના વક્તાપદે સુપ્રસિધ્ધ ભોળાનાથ શાસ્ત્રીની વરણી કરવામાં આવી હતી. એમની મદદમાં એમના પ્રિય રાજારામની નિયુક્તિ કરવામાં આવી હતી.
- કથાના વક્તાશ્રી ઉપરાંત આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રી તથા ગુણાતીતાનંદ સ્વામી જેવા સમર્થ સંત પણ કથા સમજાવતા.
- કથા દરમિયાન સંતોને આચાર્ય મહારાજશ્રીએ પ્રતિદિન ભાતભાતની રસોઈ આપેલી.
- કથા દરમિયાન હ૭રિભક્તો માટે રસોડાં ચલાવવામાં આવેલ છતાં પણ જેને જે જોઈએ તે વસ્તુ કોઠારમાંથી નામું લખ્યા વગર આપવામાં આવતી.
- કથાના પૂર્ણાહુતિ પ્રસંગે આચાર્ય મહારાજશ્રીએ વ્યાસપીઠ પર બિરાજમાન ભોળાનાથ ભટ્ટનું પૂજન કરી, ભેટ પૂજા કરી, શણગારેલા અશ્વ પર બેસાડી વાજતે ગાજતે ઘરે વિદાય કરેલાં.
- વડતાલ ગામે આ અભૂતપૂર્વ જ્ઞાનસત્ર પ્રસંગે સર્વ પ્રકારની સેવાઓ પૂરી પાડેલી.

જ્યારે શ્રીજી થયા તિરોધાન, તે પછી તો આવો કોઈ સ્થાન;
જ્ઞાનયજ્ઞ થયો નથી ભાઈ, સંભારે છે જનો સુખદાઈ.




સુરત રામપુરા મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત શાકોત્સવ-સત્સંગ સભા પ્રસંગે ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.નૌતમ સ્વામી વગેરે પૂ.સંતો-ભક્તો. તા.૩૦/૧૨/૨૦૧૮






ડાકોર મુકામે પૂ.વિજય સ્વામી દ્વારા આયોજીત શાકોત્સવ-સત્સંગ સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. તા.૨/૧/૨૦૧૯




ડભાણ મુકામે શ્રી દિપકભાઈના નિવાસ સ્થાને પધરામણીનો લાભ આપતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એવં પૂ.સંતો. તા.૩/૧/૨૦૧૯





સુરેન્દ્રનગર ગુરૂકુલ મુકામે પૂ.મહાત્મા સ્વામી દ્વારા આયોજીત શાકોત્સવ-સત્સંગ સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.નૌતમ સ્વામી, પૂ.હરિવલ્લભ સ્વામી વગેરે વડતાલ - જુનાગઢનાં સંતો એવં ભક્તોજનો. તા.૬/૧/૨૦૧૯





હાલોલ મુકામે પૂ.વિશ્વવલ્લભસ્વામી પીજ દ્વારા આયોજીત શ્રીહરિ મસાલાવાળાનાં નૂતન નિવાસના ઉદ્ઘાટન પ્રસંગે સત્સંગ સભામાં ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એવં પૂ.સંતો. તા.૨૫/૧/૨૦૧૯



કરજણ મુકામે પૂ.સરજુદાસજી સ્વામી દ્વારા આયોજીત છઠ્ઠા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧/૨/૨૦૧૯




મુંબઈ ઘાટકોપર મુકામે પૂ.અક્ષરપ્રકાશ સ્વામી દ્વારા આયોજીત શાકોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૩/૨/૨૦૧૯



ખાંધલી મુકામે શ્રી ભરતભાઈ સોલંકી (સરપંચશ્રી)નાં નૂતન નિવાસનાં ઉદ્‌ઘાટન પ્રસંગે યજ્ઞ-પધરામણી-સભામાં લાભ આપતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.મુનિ સ્વામી, પુ. શુકદેવ સ્વામી વગેરે સંતો-ભક્તો. તા.૩/૨/૨૦૧૯




સુરત કરંજ મુકામે પૂ.સ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત શાકોત્સવ-સત્સંગ સભા પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.પ્રભુચરણ સ્વામી (વેડરોડ મંદિર) તથા પૂ.સંતો-ભક્તો. તા.૪/૨/૨૦૧૯





જામજોધપુર મુકામે પૂ.રાધારમણ સ્વામી(રાજકોટ) દ્વારા આયોજીત તૃતીય વાર્ષિક પાટોત્સવ પ્રસંગે
ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૦/૨/૨૦૧૯





સુરત ઘનશ્યામનગર મુકામે પૂ.નીલકંઠસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ૧૯૩ મી શિક્ષાપત્રી જયંતિ નિમીત્તે પૂજન કરતાં પૂ.સંતો-ભક્તો. તા.૧૦/૨/૨૦૧૯




બામણગામ મુકામે શાકોત્સવ પ્રસંગે કથાવાર્તાનો લાભ આપતાં પૂ.વિજયપ્રકાશ સ્વામી - ડાકોર તથા ભક્તો. તા.૧૦/૨/૨૦૧૯




સુરત રામપુરા મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત શિક્ષાપત્રી જયંતિ તથા રવિ સત્સંગસભામાં લાભ આપતાં
પૂ.હરિપ્રકાશ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૦/૨/૨૦૧૯




વલેટવા મુકામે પૂ.નૌતમ સ્વામી દ્વારા આયોજીત ૨૩ મા પાટોત્સ પ્રસંગે ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.સંતો તથા ભક્તો. તા.૧૦/૨/૨૦૧૯







સેવાલીયા (ઉમરેઠ) મુકામે અગિયારમા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી,વક્તાશ્રી પૂ.સરજુદાસજી સ્વામી વગેરે પૂ.સંતો-ભક્તો. તા.૧૧ થી ૧૫/૨/૨૦૧૯







વડજ(ડભોઈ) મુકામે પૂ.સંતસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ૨૨ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.પ્રિયદર્શન સ્વામી - પીજ તથા પૂ.સંતો-ભક્તો. તા.૧૧/૨/૨૦૧૯








વડતાલ મુકામે શ્રી જગદીશભાઈ બ્રહ્મભટ્ટના જન્મદિન નિમિત્તે પધરામણીનો લાભ આપતાં પૂ.સંતો. તા.૧૧/૨/૨૦૧૯

વડતાલ મુકામે રાજુભાઈ ભરવાડનાં ભાઈ જેસીંગભાઈને આશીર્વાદ આપતાં આ.કો.શ્રી સંત સ્વામી.તા.૧૪/૨/૨૦૧૯








બુરહાનપુર મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૪૮ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૨/૨/૨૦૧૯







સાવરકુંડલા મુકામે પૂ.નારાયણજીવન સ્વામી દ્વારા આયોજીત ૧૭ મો પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.લક્ષ્મીનારાયણ સ્વામી,વક્તાશ્રી પૂ.નિર્લેપ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૫ થી ૧૭/૨/૨૦૧૯




નરસંડા મુકામે પૂ.નૌતમ સ્વામી દ્વારા આયોજીત ૧૮ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી,આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.ઘનશ્યામ સ્વામી-સાળંગપુરવાળા વગેરે સંતો-ભક્તો. તા.૧૫/૨/૨૦૧૯





કંજરી (હાલોલ)મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી - પીજ દ્વારા આયોજીત ૬૨ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.પ્રિયદર્શન સ્વામી - પીજ, પૂ.સંતો તથા ભક્તો. તા.૧૭ થી ૨૧/૨/૨૦૧૯








અંકલેશ્વર મુકામે શ્રી જયદીપભાઈના નિવાસ સ્થાને ભક્તિયજ્ઞ - સત્સંગસભા,વચનામૃત પાઠ,પૂજન,અભિષેક તથા અન્નકૂટ પ્રસંગે ઉપસ્થિત પૂ.બ્રહ્મસ્વરુપ સ્વામી, પૂ. શુક સ્વામી, પૂ. પૂર્ણ સ્વામી વગેરે પૂ.સંતો-ભક્તો. તા.૧૭/૨/૨૦૧૯




ધંધુકા મુકામે પૂ.ઘનશ્યામ સ્વામી દ્વારા આયોજીત ૨૮ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.બાપુ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૭/૨/૨૦૧૯





માણેકપુર મુકામે ૧૩ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સત્સંગ સભામાં ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૭/૨/૨૦૧૯




વડતાલ  મુકામે માણેજ (તારાપુર)થી પદયાત્રામાં પધારેલા પૂ.શુકદેવ સ્વામી, પૂ.હરિકેશવ સ્વામી વગેરે
પૂ.સંતો-ભક્તોનું સ્વાગત અભિવાદન કરતાં ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી. તા.૧૮/૨/૨૦૧૯





નાસીક (મહારાષ્ટ્ર) મુકામે પૂ.ભક્તિકિશોરદાસજી સ્વામી,પૂ.મુક્તપ્રકાશ સ્વામીનાં વક્તાપદે આયોજીત
કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૯ થી ૨૬/૨/૨૦૧૯




નડીયાદ મુકામે નૂતન હરિદર્શન સાઈડનાં ખાતમૂહુર્ત પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવપ્રકાશ
સ્વામી,પૂ.શ્યામ સ્વામી વગેરે પૂ.સંતો-ભક્તો. તા.૨૦/૨/૨૦૧૯





વડતાલ,મુંબઈ ભુલેશ્વર,ઉમરેઠ વગેરે મંદિરોમાં સંતો-ભક્તો દ્વારા કાશ્મીર પુલવામા હુમલામાં શહીદ થયેલા ૪૦ જવાનોને
શ્રધ્ધાજંલી આપતા પૂ.સંતો તથા ભક્તો. તા.



સુરત રામપુરા મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત રવિ સત્સંગસભા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૪/૨/૨૦૧૯



પીજ મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી દ્વારા આયોજીત ત્રિદિનાત્મક વચનામૃત કથા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો - ભક્તો. તા.૨૪/૨/૨૦૧૯




જામનગર મુકામે પૂ.ચર્તુભુજ સ્વામી દ્વારા આયોજીત ૧૦૩ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૪/૩/૨૦૧૯



ભાવનગર મુકામે પૂ.લક્ષ્મીનારાયણ સ્વામી દ્વારા આયોજીત ૪૭ મા પાટોત્સવ પ્રસંગે અભિષેક અન્નકૂટ - સત્સંગ સભામાં ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો તથા ભક્તજનો. તા.૨૫/૨/૨૦૧૯



ઈટાળવા (નવસારી) મુકામે પૂ.દિવ્યપ્રકાશ સ્વામી દ્વારા આયોજીત ૪૦ મા પાટોત્સવ પ્રસંગે સત્સંગ સભા અન્નકૂટમાં ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી તથા પૂ.સંતો - ભક્તો. તા.૨૮/૨/૨૦૧૯




કુંઢેલા (ડભોઈ) મુકામે ભક્તિયજ્ઞ-વચનામૃત સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો. તા.૧/૩/૨૦૧૯




મોટા હબીપુરા( ડભોઈ ) મુકામે ભક્તિયજ્ઞ-વચનામૃત સભા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો.તા.૧/૩/૨૦૧૯





મોગરી (આણંદ) મુકામે ૪૦ મો પાટોત્સવ-સત્સંગસભા-ભક્તિયજ્ઞ-હોમાત્મક શ્રીહરિયાગ પ્રસંગે
ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી , પૂ.શ્યામ સ્વામી વગેરે સંતો. તા.૨/૩/૨૦૧૯




ખંભોળજ (આણંદ) મુકામે રાજુભાઈની ડોલફીન વોચ ફેક્ટરીના ઉદ્‌ઘાટન નિમિત્તે મહાપૂજા પ્રસંગે
ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી તથા સંતો-ભક્તો. તા.૩/૩/૨૦૧૯





વડતાલ મુકામે પીજથી (પૂ.વિશ્વવલ્લભસ્વામી દ્વારા આયોજીત) બાઈક રેલીમાં પધારેલા પૂ.સંતો - ભક્તો. તા.૩/૩/૨૦૧૯




માલપુર (સંખેડા)મુકામે પૂ.નૌતમ સ્વામી દ્વારા આયોજીત સત્સંગસભામાં ઉપસ્થિત પૂ.સંતો - ભક્તો. તા.૩/૩/૨૦૧૯






સુરેન્દ્રનગર ગુરૂકુલ મુકામે પૂ.માહાત્મા સ્વામી દ્વારા આયોજીત ચતુર્થ પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૩/૩/૨૦૧૯





વડતાલધામ,સુરત રામપુરા,સુરત ઘનશ્યામનગર મુકામે શિવરાત્રી ઉત્સવ પ્રસંગે શિવજીની આરતી-પૂજન કરતાં પૂ.સંતો-ભક્તો. તા.૪/૩/૨૦૧૯



વડતાલધામ મુકામે શ્રી ગણપતિજી, શ્રી હનુમાનજી મહારાજની પુનઃપ્રતિષ્ઠા કરતાં
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા યજ્ઞ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૭/૩/૨૦૧૯





સુરત રામપુરા મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત ધર્મભક્તિ શ્રી હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવ - કથા પારાયાણ પ્રસંગે ઉપસ્થિત પૂ.હરિપ્રકાશ સ્વામી તથા પૂ.સંતો-ભક્તો. તા.૪ થી ૭/૩/૨૦૧૯



આંકલાવ (બોરસદ) મુકામે પૂ.કે.કે.શાસ્ત્રી સ્વામી દ્વારા આયોજીત ૨૧ મા પાટોત્સવ પ્રસંગે - સત્સંગ સભામાં ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. તા.૯/૩/૨૦૧૯



ખજુરી ગુંડાળા મુકામે પૂ.વાસુદેવ સ્વામી દ્વારા આયોજીત નૂતન મંદિરનાં ખાતમુર્હત પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. તા.૯/૩/૨૦૧૯







મોટા હબીપુરા (ડભોઈ) મુકામે પ્રથમ પાટોત્સવ પ્રસંગે સત્સંગસભા, ભક્તિયજ્ઞ,મહાપૂજા, અભિષેક,અન્નકૂટ,શોભાયાત્રા તથા ફુટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ. બ્રહ્મસ્વરુપ સ્વામી, પૂ. શુકસ્વામી, પૂ. શ્યામ સ્વામી વગેરે પૂ.સંતો-ભક્તો. તા.૧૦/૩/૨૦૧૯





રાજકોટ મુકામે પૂ.રાધારમણ સ્વામી દ્વારા અયોજીત ૧૮૯ મા બદરી વંદના ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.બ્રહ્મસ્વરુપ સ્વામી, પૂ. સુખ સ્વામી, પૂ. શ્યામ સ્વામી વગેરે પૂ.સંતો-ભક્તો. તા.૧૧/૩/૨૦૧૯

## શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોને થાળ તથા સંતોને રસોઈની યાદી - ફેબ્રુઆરી- ૨૦૧૯

| | | | |
|---|---|---|---|
| ૧/૨/૨૦૧૯ | બોદાલ | તેજશભાઈ મગનભાઈ પટેલ હ.પા.પરેશભગત ગુ.શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી | અડદિયા લાડુ |
| ૨/૨/૨૦૧૯ | વડતાલ | અ.નિ.પા.વિઠ્ઠલભગત ગુ.ખુશાલભગત હ.શાંતિપ્રકાશદાસજીતથા વેદાંત સ્વામી | મગસચકતા |
| ૩/૨/૨૦૧૯ | રાજુલા | પદમાબેન ઘનશ્યામભાઈ પરમાર હ.પા.રાજુભગત | સાટા/જલેબી/બુન્દીલાડુ |
| | વડતાલ | અ.નિ.શા.સ્વા.વિષ્ણુપ્રસાદદાસજી - ડભાણવાળા | ॥ |
| | અમદાવાદ | ભુપતભાઈ ધીરૂભાઈ ખુંટ હ.શ્યામ સ્વામી | ॥ |
| ૪/૨/૨૦૧૯ | વિદ્યાનગર | સુનીલભાઈ ચન્દ્રકાંતભાઈ ઠક્કર હ.પા.પરેશભગત ગુ.શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી | અંગુર રબડી |
| સાંજે | થામણા | અ.નિ.પુષ્પાબેન તથા અ.નિ.સંજયભાઈ હ.રમેશભાઈ પ્રેરક વિજય સ્વામી - ડાકોરવાળા | અડદિયાપાક |
| ૫/૨/૨૦૧૯ | વ્હેરા | પ્રવિણભાઈ શંકરભાઈ પટેલ હ.ઘનશ્યામ સ્વામી - સાળંગપુરવાળા | અડદિયાપાક |
| ૬/૨/૨૦૧૯ | વડતાલ | સા.યો.દુધીબા | મોહનથાળ |
| ૭/૨/૨૦૧૯ | આણંદ | શંભુભાઈ મણીભાઈ પટેલ | દુધપાક |
| | વ્હેરા | શારદાબેન જશભાઈ પટેલ હ.ઘનશ્યામ સ્વામી | મોહનથાળ |
| ૮/૨/૨૦૧૯ | દિવેર | શ્રી સ્વામિનારાયણ મંદિર હ.પવન સ્વામી | અડદિયાપાક |
| ૯/૨/૨૦૧૯ | વડોદરા | એનીલ વિજયભાઈ પટેલ હ.જગતપાવનદાસજી સ્વામી | બુન્દીલાડું |
| ૧૦/૨/૨૦૧૯ | નૈરોબી | હરિશચન્દ્ર સુરેશદ્રપ્રસાદ શુકલ હ.પા.પરેશભગત ગુ.શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી | આર્યુવેદિક અડદિયાપાક |
| | કુંજરાવ | રાજેન્દ્રભાઈ પરષોત્તમભાઈ પટેલ હ.પા.પરેશભગત ગુ.શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી | |
| ૧૨/૨/૨૦૧૯ | ઈસણાવ | બીરજુ ભાસ્કરભાઈ પટેલ ગોપી ભાસ્કરભાઈ પટેલ હ.પા.પરેશભગત ગુ.શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી | આર્યુવેદિક અડદિયાપાક |
| ૧૩/૨/૨૦૧૯ | વડોદરા | નટવરભાઈ કાશીભાઈ પટેલ | મગસચકતા |
| ૧૪/૨/૨૦૧૯ | અમેરીકા(નાપાડ) | ઘનશ્યામભાઈ ડાહ્યાભાઈ પટેલ, કિરીટભાઈ ડાહ્યાભાઈ પટેલ હ.શ્યામ સ્વામી | મોહનથાળ |
| ૧૫/૨/૨૦૧૯ | વડોદરા | સંદિપભાઈ ઘનશ્યામભાઈ મિસ્ત્રી | મોહનથાળ |
| ૧૬/૨/૨૦૧૯ | સામરખા | અ.નિ.ચંચળબેન મોહનભાઈ પટેલ | ખીરપુરી |
| ૧૭/૨/૨૦૧૯ | બોદાલ | તેજશભાઈ મગનભાઈ પટેલ હ.પા.પરેશભગત ગુ.શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી | વેઢમી |
| ૧૮/૨/૨૦૧૯ | લંડન | ક્રિશકુમાર લક્ષ્મણભાઈ પટેલ હ.રાધાસ્વામી અંબાવ | મગસચકતા |
| | માણેજ | અ.નિ.રણછોડભાઈ મથુરભાઈ પટેલ હ.હરિકેશવ સ્વામી | ચુરમાલાડુ |
| ૧૯/૨/૨૦૧૯ | માછીપુરા | જીતુભાઈ કંચનભાઈ માછી, હેલી તુષારભાઈ પટેલ, ગોળના ચુરમાલાડુ | |
| | (વડોદરા) | હ.પા.પરેશભગત ગુ.શા.સ્વા.નૌતમપ્રકાશ | |
| ૨૦/૨/૨૦૧૯ | દાવોલ | શૈલેષભાઈ પરષોત્તમભાઈ પટેલ હ.ઘનશ્યામ સ્વામી - સાળંગપુરવાળા | મોહનથાળ |
| ૨૧/૨/૨૦૧૯ | વડતાલ | ગોરધનભાઈ વાઘજીભાઈ પટેલ હ.ગોવિંદ સ્વામી - મેતપુરવાળા | મોતીચુરલાડુ |
| ૨૨/૨/૨૦૧૯ | મુંબઈ | સંજયભાઈ વીરાણી હ.પા.પરેશભગત ગુ.શા.સ્વા.નૌતમપ્રકાશદાસજી | ડ્રાયફ્રુટ શિખંડપુરી |
| ૨૩/૨/૨૦૧૯ | વડતાલ | હરિ જીતુભાઈ પુરોહીત, ગુલાલ જીતુભાઈ પુરોહીત, શ્વનીક હરિભાઈ પુરોહીત, | ચુરમાલાડુ |
| | | હ.પા.ઘનશ્યામભગત ટ્રસ્ટીશ્રી | |
| ૨૪/૨/૨૦૧૯ | હાલોલ | પુનમભાઈ ચીમનભાઈ કાછીયા હ.આધાર સ્વામી | મગસચકતા |
| | યુ.એસ.એ. | પારૂલબેન પિન્કેશભાઈ પટેલ | મોતીચુરલાડુ |
| ૨૫/૨/૨૦૧૯ | અમદાવાદ | રાજેન્દ્રભાઈ અંબાલાલભાઈ પટેલ | મોહનથાળ |
| ૨૬/૨/૨૦૧૯ | રળીયાણા | ગોવિંદભાઈ કાનજીભાઈ ગોયાણી હ.પૂ.શા.સ્વા.ઘનશ્યામવલ્લભદાસજી - ગઢપુર | મોતૈયાલાડુ |
| ૨૭/૨/૨૦૧૯ | અમદાવાદ | મનીષભાઈ ગોહીલ | મોહનથાળ |
| ૨૮/૨/૨૦૧૯ | મુંબઈ | હેમલતાબેન જનાર્ધનભાઈ કોલ્હે | મગસચકતા |

# સદ્વિદ્યા ટીવીનાં માધ્યમથી નિહાળો વડતાલધામને



## શણગાર આરતી

વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજની શણગાર આરતીનું જીવંત પ્રસારણ

**દરરોજ સવારે ૭:૩૫ કલાકે**

## મહોત્સવ દર્શન

વડતાલ મંદિરને આંગણે ઉજવાયેલા ઉત્સવોનાં દર્શન

**સોમ થી શનિ રાત્રે ૯ કલાકે**

પુનઃપ્રસારણ સવારે ૭ કલાકે

## રવિસભા

પ.પૂ.શ્રી ડો.સંતવલ્લભદાસજી સ્વામીનાં મુખેથી વચનામૃત કથા

**દર રવિવારે રાત્રે ૯ કલાકે**

પુનઃપ્રસારણ દર સોમવારે સવારે ૭ કલાકે

॥સદ્વિધા॥ TV

भारतीय संस्कृति की धरोहर।

GTPL : 554 | DEN : 888 | DL Network : 572

Devshree : 522 | Rajmoti (Kodinar) : 358 | KCC IN (Mumbai) : 976

KDN : 228 | Bavla IN Cabel : 98

Follow us on /sadvidyatv



## વડતાલ સંસ્થાન દ્વારા પ્રકાશિત ગુજરાતી, હિન્દી, અંગ્રેજી મેગેજીનઓના ગ્રાહક બનો અને બનાવો

| ગુજરાતી મેગેજીન | ૫ વર્ષ | ૨૦ વર્ષ | વિદેશ |
|---|---|---|---|
| | રૂ.૨૫૦/- | રૂ.૫૦૦/- | રૂ.૬૭૫૦/- |

| હિન્દી મેગેજીન | ૧ વર્ષ | ૧ વર્ષ - વિદેશ |
|---|---|---|
| | રૂ.૧૫૦/- | રૂ.૬૦૦/- |

| અંગ્રેજી મેગેજીન | ૧ વર્ષ | ૧ વર્ષ - વિદેશ |
|---|---|---|
| | રૂ.૧૫૦/- | રૂ.૬૦૦/- |

For More Information

Scan Here

**ગુજરાતી માસિક / અંગ્રેજી ત્રિમાસિક / હિન્દી ત્રિમાસિક**

પ્રસિધ્ધકર્તા : શ્રી વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતિ
મુખ્ય કોઠારીશ્રી પ.પૂ.સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન**

મુ. વડતાલ, તા. નડીયાદ, જી. ખેડા, ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮, ૨૫૮૯૭૭૬

E-mail address : vadtaldhamvikas@gmail.com

## વડતાલ મંદિર ડેઇલી દર્શન તથા ઉત્સવ સમૈયા મહોત્સવ એવમ્ સત્સંગ સમાચાર માટે ખાસ નિહોળો....



WEB
WWW.VADTALMANDIR.ORG

YOUTUBE
@VADTALMANDIR

WHATSAPP
99090 15500

FACEBOOK
@VADTALMANDIR

INSTAGRAM
@VADTALMANDIR

GOOGLE PLUS
@VADTALMANDIR

TWITTER
vadtalmandirorg

GMAIL
VADTALDHAMVIKAS@GMAIL.COM

**વડતાલધામ ડેઈલી દર્શન મોબાઇલ એપ્લીકેશન**

Get it on Google play

Available on the App Store

**સંપ્રદાયની સેવામાં એક નવી મોબાઈલ એપ્સ...!**

અપડેટેડ પંચાંગ, ચોઘડીયા
લાઈવ હોરા, તિથિ રીમાઈન્ડર
ગ્રહણ-સૂતક નિર્ણય, મંદિરોની યાદી



# ચૈત્રી સમૈયો તથા ૨૩૮ મો શ્રીહરિ પ્રાગટ્યોત્સવ વડતાલધામ

**વક્તાશ્રી :પ.પૂ.શા.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)**

**સમૈયાનાં યજમાનશ્રી : પ.પૂ.સદ્.શ્રી ગોપાળચરણદાસજી સ્વામીનું શિષ્ય મંડળ-મુંબઈ ઘાટકોપર,**

પ્રેરક:પ.પૂ.શ્રી રાધારમણસ્વામી (અથાણાવાળા)

| જળયાત્રા-પોથીયાત્રા | દિવ્ય અભિષેક | શ્રીહરિ પ્રાગટ્યોત્સવ | ભવ્ય અન્નકૂટ |
|---|---|---|---|
| તા.૧૩/૪/૨૦૧૯<br>ગોમતીજીથી મંદિર સાંજે ૫:૦૦ કલાકે | તા.૧૪/૪/૨૦૧૯<br>સવારે : ૬ થી ૮ | તા.૧૪/૪/૨૦૧૯<br>રાત્રે : ૧૦:૧૦ કલાકે | તા.૧૪/૪/૨૦૧૯<br>સવારે : ૧૧:૦૦ કલાકે |
| **સંત દિક્ષા** | **શ્રી હરિજયંતી ઉદ્યાપન** | **એકાદશી ઉદ્યાપન** | **પૂનમનું ઉદ્યાપન** |
| તા.૧૫/૪/૨૦૧૯<br>સવારે: ૭:૩૦ કલાકે | તા.૧૫/૪/૨૦૧૯ના રોજ<br>બપોરે ૧:૦૦ કલાકે થશે. | તા.૧૬/૪/૨૦૧૯ ના રોજ<br>બપોરે :૧૨:૦૦ કલાકે થશે | તા.૧૯/૪/૨૦૧૯ ના રોજ<br>બપોરે ૧૨:૦૦ કલાકે થશે. |

૧. યજ્ઞ-મહાપૂજા-પાટલામાં લાભ લેનાર હરિભક્તોએ રૂા.૭૦૧/- ભરી વહેલામાં વહેલી તકે મંદિરની પાકી પહોચ મેળવી લેવાની રહેશે.
૨. યજ્ઞમાં લાભ લેનાર હરિભક્તોએ ચૈત્ર સુદ - ૮ ને ૧૩/૪/૨૦૧૯નાં રોજ સાંજ સુધીમાં વડતાલ આવી જવું.
૩. યજ્ઞ પ્રારંભ ચૈત્ર સુદ - ૯ ને તા.૧૪/૪/૨૦૧૯નાં રોજ સવારે : ૮:૦૦ કલાકે શરૂ થશે અને ચૈત્ર સુદ - ૧૦ ને તા.૧૫/૪/૨૦૧૯નાં રોજ બપોરે ૧૧:૩૦ કલાકે સમાપ્તિ થશે.
૪. યજ્ઞમાં લાભ લેનાર હરિભક્તોએ બે થાળી-વાટકી, બે આચમની તથા બે આસનિયાં સાથે લેતા આવવું.
૫. ફરાળ તથા પૂજાપો વડતાલ મંદિર તરફથી આપવામાં આવશે.
૬. યજ્ઞ-મહાપૂજા, ઉદ્યાપનમાં જેને બેસવું હોય તેમણે વડતાલ મંદિરનાં પ.પૂ.મુખ્યકોઠારીશ્રીની ઓફિસમાં સંપર્ક કરવો. ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮-૭૭૬

નોંધ :- શ્રીહરિજયંતી, એકાદશી, પૂનમ ઉદ્યાપનમાં લાભ લેનાર હરિભક્તોએ રૂા.૩૫૧/- ભરી વહેલામાં વહેલી તકે મંદિરની પાકી પહોંચ મેળવી લેવાની રહેશે. તથા ૩ હાર, ૩ ફળ અને તુલસીદળ સાથે લાવવાના રહેશે.

## કાર્યક્રમની રૂપરેખા

| જલયાત્રા - પોથીયાત્રા | દિવ્ય અભિષેક | ભવ્ય અન્નકૂટ |
|---|---|---|
| તા. ૧૩/૦૪/૨૦૧૯, શનિવાર | તા. ૧૪/૦૪/૨૦૧૯, રવિવાર | તા. ૧૪/૦૪/૨૦૧૯, રવિવાર |
| સાંજે : ૫:૦૦ કલાકે, ગોમતીજી થી મંદિર | સવારે : ૬:૦૦ થી ૭:૩૦ કલાકે | બપોરે : ૧૧:૦૦ કલાકે |

**શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ :- તા. ૧૪/૦૪/૨૦૧૯, બુધવાર, રાત્રે : ૧૦:૧૦ કલાકે**

**મારૂતિ યજ્ઞ :- તા.૧૭-૪-૨૦૧૯, બુધવાર ●●● યજ્ઞના આચાર્યશ્રી :** શ્રી ધીરેનભાઈ શુક્લ - વડતાલ



**શ્રી ગૌલોકવિહારી મહારાજ મુંબઈને**
**હિરા જડીત સુવર્ણ મુગટ અર્પણ વિધિ : તા. ૧૯/૪/૨૦૧૯, શુક્રવાર**
**મોહનલાલ એસ. મીઠાઈવાળા પરિવાર - મુંબઈ, હ. પ.ભ. શ્રી નિતિનભાઈ શેઠ**
**પ્રેરક : પ.પૂ. સદ્.શા. શ્રી ધર્મપ્રિયદાસજી સ્વામી (પૂ.બાપુ સ્વામી)**

### રાત્રી કાર્યક્રમ

| | | |
|---|---|---|
| તા. ૧૬/૦૪/૨૦૧૯, મંગળવાર<br>:: કિર્તન-ભક્તિ ::<br>શ્રી હરિકૃષ્ણ બાળધૂન મંડળ (ડભાણ)<br>સાહિત્યકાર : મયુરભા ગઢવી - મુલુન્ડ (મુંબઈ) | તા. ૧૭/૦૪/૨૦૧૯,<br>બુધવાર<br>:: રાસોત્સવ :: | તા. ૧૮/૦૪/૨૦૧૯, ગુરુવાર<br>:: સત્સંગ ડાયરો ::<br>શ્રી ઘનશ્યામસ્વરૂપદાસજી સ્વામી<br>શ્રી વલ્લભ આશ્રમ, સાયન (મુંબઈ) |

### વચનામૃત પર્વ - ૫

| | |
|---|---|
| **તા. ૧૮/૦૪/૨૦૧૯, ગુરુવાર**<br>સાંજે : ૭:૦૦ થી ૯:૦૦<br>વક્તાશ્રી :-<br>પ.પૂ.સ.ગુ.શ્રી પ્રભુચરણ સ્વામી વેડરોડ - સુરત | **તા. ૧૯/૦૪/૨૦૧૯, શુક્રવાર**<br>સવારે : ૫:૩૦ થી ૭:૩૦<br>વક્તાશ્રી :- પ.પૂ.સ.ગુ.શા.<br>શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી - કલાકુંજ સુરત |

**વચનામૃત પર્વ - ૫ પ્રસંગે આશીર્વાદ**

પ.પૂ.સ.ગુ.શ્રી ભક્તિસંભવદાસજી સ્વામી - સુરત સિલવર ચોક
પ.પૂ.શ્રી હરિપ્રિયદાસજી સ્વામી - સુરત વેલંજા
પ.પૂ.શ્રી હરિવલ્લભદાસજી સ્વામી - સુરત અમરોલી
પ.પૂ.શ્રી હરિસેવાદાસજી સ્વામી - મુંબઈ વસઈ
પ.પૂ.શ્રી વિશ્વવલ્લભદાસજી સ્વામી - સુરત રૂસ્તમબાગ

**ગ્રંથ પ્રકાશન :-** શ્રી હરિલીલામૃતમ્, શ્રી કીર્તનમુક્તાહારમ્, શિક્ષાપત્રી પંચરત્નમ્ તથા વડતાલધામ બુક એપ લોન્ચ

**સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સભામંડપ**
તા.નડીયાદ, જી.ખેડા, ફોન : (0268) 2589728, 2589776

LIVE ▶ ॥સદ્વિદ્યા॥ TV
www.vadtalmandir.org



વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનું

# સત્સંગ વિચરણ

૯/૨/૨૦૧૯ ત્રાજ (ખેડા) મુકામે પૂ.રાધારમણ સ્વામી-અથાણાવાળા દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૧૦/૨/૨૦૧૯ ધોલેરાધામ મુકામે પૂ.રામકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત શ્રી હરિકૃષ્ણ મહારાજના ૧૮૭ મા પાટોત્સવ પ્રસંગે અભિષેક,અન્નકૂટ, સત્સંગસભામાં ઉપસ્થિત રહ્યાં.

૧૩/૨/૨૦૧૯ સેવાલીયા મુકામે વાર્ષિક ૧૧ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૧૫/૨/૨૦૧૯ માણેજ મુકામે પૂ.શુકદેવ સ્વામી,પૂ.હરિકેશવ સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. તથા આણંદ સ્મૃતિ મંદિર મુકામે પૂ.સત્સંગભૂષણ સ્વામી દ્વારા આયોજીત પૂનઃપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત રહ્યાં.

૧૬/૨/૨૦૧૯ નરસંડા મુકામે પૂ.નૌતમ સ્વામી દ્વારા આયોજીત વાર્ષિક ૧૮ મા પાટોત્સવ પ્રસંગે એવં અમદાવાદ મુકામે શ્રી હરેનભાઈ પંડ્યા(વકીલશ્રી)નાં સુપુત્રને આશીર્વાદ પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

૧૭/૨/૨૦૧૯ આણંદ સ્મૃતિ મંદિર મુકામે પૂ.સત્સંગભૂષણ સ્વામી દ્વારા આયોજીત પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૧૯/૨/૨૦૧૯ વડતાલધામ મુકામે વચનામૃત પર્વ-૩ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપી વાસદ મુકામે પૂ.કે.કે.શાસ્ત્રી સ્વામી દ્વારા આયોજીત રજત જયંતી પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

૨૦/૨/૨૦૧૯ નડીયાદ મુકામે શ્રી સુનિલભાઈ પરમાર (વડતાલ) નવી સાઈડ શ્રીહરિ દર્શનનાં ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

૨૧/૨/૨૦૧૯ મોડુસી(કપરાળા) મુકામે પૂ.કપીલ સ્વામી દ્વારા આયોજીત શ્રી હનુમાનજી મહારાજ પ્રતિષ્ઠા એવં ૧૦૦૦ ઉપરાંત આદિવાસી પરિવારોને હિન્દુ ધર્મ તરફ વાળ્યા તે પ્રસંગે દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૨/૨/૨૦૧૯ વડતાલધામ મુકામે વડતાલ સંસ્થા એવં ચિત્રકલા પ્રતિષ્ઠાન દ્વારા આયોજીત ચિત્રકલા શેમીનાર પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. ગુડેલ (તારાપુર) મુકામે પૂ.બાપુ સ્વામી દ્વારા આયોજીત રજતજયંતી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૩-૨૪/૨/૧૯ જેતપુર મુકામે પૂ.નિલકંઠચરણ સ્વામી દ્વારા આયોજીત ૮૦ મા પાટોત્સવ પ્રસંગે આયોજીત એવં નૂતન સભામંડ ખાતમુહૂર્ત પ્રસંગે ઉપસ્થિત રહ્યાં તથા સમાણા મુકામે પૂ.માધવપ્રિય સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં.

૨૫/૨/૨૦૧૯ ભાવનગર મુકામે પૂ.લક્ષ્મીનારાયણ સ્વામી દ્વારા આયોજીત ૪૭ મા પાટોત્સવ પ્રસંગે અભિષેક,અન્નકૂટ,સભા વગેરેમાં ઉપસ્થિત રહ્યા.

૮/૩/૨૦૧૯ ખંભાત મુકામે પૂ.ધર્મનંદન સ્વામી દ્વારા આયોજીત ૧૮૧ મા પાટોત્સવ પ્રસંગે અભિષેક,સત્સંગસભામાં ઉપસ્થિત રહ્યા. તથા વડતાલ મુકામે શ્રી ગણપતિજી મહારાજ, શ્રી હનુમાનજી મહારાજની પુનઃપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

૯/૩/૨૦૧૯ આણંદ એન.સેસ.પટેલ કોલેજ મુકામે ઓલ ઈન્ડીયા પ્રીન્સીપાલ સંમેલન તથા ચિંતન શિબિર પ્રસંગે ઉપસ્થિત રહ્યાં એવં તારાપુરા મુકામે ૧૩ માં પાટોત્સવ પ્રસંગે તથા નૂતન ગેટ ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહ્યા, દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૧૦/૩/૨૦૧૯ વેલંજા સુરત મુકામે પૂ.હરિપ્રિય સ્વામી દ્વારા આયોજીત નૂતન ગુરૂકુલના ખાતમુહૂર્ત પ્રસંગે ઉપસ્થિત રહ્યાં.

૧૧/૩/૨૦૧૯ પીજ મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી દ્વારા આયોજીત ૮૫ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.




## આગામી નિર્ણય અંગે



**"નિર્ણય" કિંમત : રૂા. ૫/-**

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા
સંવત્ ૨૦૭૫ - ૭૬ના નવા નિર્ણય પ્રકાશિત થઈ ગયા છે. માટે તમામ હરિભક્તોએ
વડતાલ મંદિર સ્ટોરમાંથી મેળવી લેવા.

**સંપર્ક :- ૦૨૬૮-૨૫૮૯૭૨૮-૭૭૬**

## શ્રી હરિકૃષ્ણ ફુલસ્કેપ ચોપડા તથા નોટબુક



શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન દ્વારા
દર વર્ષની જેમ ચાલુ વર્ષે રાહતદરે ફુલસ્કેપ ચોપડા તથા નોટબુક પ્રકાશિત થઈ રહ્યા છે.
માટે જે મંદિરો, શાળાઓ કે ગ્રુપમાં મંગાવવા ઈચ્છતા હોય તેમણે
વડતાલ મંદિરની ઓફિસમાં સંપર્ક કરવો.

**સંપર્ક :- ૦૨૬૮-૨૫૮૯૭૨૮-૭૭૬**

વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ ઉજવાતા


# સંપ્રદાયના આગામી કાર્યક્રમ

| | | | |
|---|---|---|---|
| ૨૧ માર્ચ ૨૦૧૯ | વડતાલધામ | વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | ભવ્ય રંગોત્સવ |
| ૨૧ માર્ચ ૨૦૧૯ | વડોદરા (વરણામા) | રાજકોટ ગુરૂકુલ દ્વારા આયોજીત | મુર્તિપ્રતિષ્ઠા-ઉદ્દ્ઘાટન મહોત્સવ |
| ૨૪ થી ૩૦ માર્ચ ૨૦૧૯ | ઉમરેઠ | પૂ.રઘુચરણદાસજી સ્વામીની પ્રેરણાથી | |
| | | પૂ.રામાનુજ સ્વામીના વક્તાપદે | દ્વિદશાબ્દી મહોત્સવ |
| ૨૭ માર્ચ થી ૨ એપ્રિલ ૨૦૧૯ | બલિયા (ઉ.પ્ર.) | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથા પારાયણ |
| ૧ થી ૭ એપ્રિલ ૨૦૧૯ | નેપાનગર (એમપી) | પૂ. વિશ્વપ્રકાશસ્વામી સાવદાના વક્તા પદે | કથા પારાયણ |
| ૪ થી ૧૦ એપ્રિલ ૨૦૧૯ | જગન્નાથપુરી(ઓરીસા) | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | કથા પારાયણ |
| ૬ થી ૧૨ એપ્રિલ ૨૦૧૯ | પોરબંદર | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથા પાયરાણ |
| ૧૩ થી ૧૯ એપ્રિલ ૨૦૧૯ | ગોત્રી (વડોદરા) | પૂ. ઘનશ્યામપ્રકાશસ્વામી (ચીખલીવાળા) દ્વારા આયોજીત | ઉદ્દ્ઘાટન મહોત્સવ -સપ્તાહ પારાયાણ |
| | | પૂ. સરજુદાસજીસ્વામી ભરૂચવાળાના વક્તા પદે | |
| ૧૪ થી ૧૯ એપ્રિલ ૨૦૧૯ | વડતાલધામ | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | ચૈત્રીસમૈયો |
| ૨૩ થી ૨૭ એપ્રિલ ૨૦૧૯ | લંડન(યુ.કે.) | પૂ.કૃષ્ણવલ્લભ સ્વામી - વૃંદાવનનાં વક્તાપદે આયોજીત | કથા પારાયણ |
| ૨૪ થી ૩૦ એપ્રિલ ૨૦૧૯ | સચીન(સુરત) | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથા પારાયણ |
| ૨૫ એપ્રિ. થી ૧ મે ૨૦૧૯ | ઋષિકેશ | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | કથા પારાયણ |
| ૩ થી ૧૦ મે ૨૦૧૯ | ધોરાજી | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથા પારાયણ |
| ૪ થી ૬ મે ૨૦૧૯ | મેતપુર(ખંભાત) | પૂ.નારાયણચરણ સ્વામી દ્વારા આયોજીત | બાલયુવા શિબિર |
| ૪ થી૧૦ મે ૨૦૧૯ | જસદણ(બોટાદ) | શ્રી રાજકોટ ગુરૂકુલ દ્વારા આયોજીત | મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ |
| ૬ થી ૧૨ મે ૨૦૧૯ | ધોરાજી | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | કથા પારાયણ |
| ૭ થી ૧૧ મે ૨૦૧૯ | હરિદ્વાર | પૂ.હરિવલ્લભ સ્વામી દ્વારા આયોજીત | રજતજયંતિ મહોત્સવ |
| ૧૦ થી ૧૪ મે ૨૦૧૯ | ઉદયનગર રાજકોટ | પૂ.દેવપ્રસાદદાસજી સ્વામી - વંથલી દ્વારા આયોજીત | પંચાબ્દી મહોત્સવ |
| ૧૨ થી ૧૮ મે ૨૦૧૯ | આટકોટ | પૂ.સંતદાસજી સ્વામી દ્વારા આયોજીત | દ્વિદશાબ્દી મહોત્સવ |
| ૧૨ થી ૧૮ મે ૨૦૧૯ | બોરીસણા (કલોલ) | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથા પાયરાણ |
| ૧૫ થી ૨૧ મે ૨૦૧૯ | મુલુંડ (મુંબઈ) | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | કથા પારાયણ |
| ૧૭ થી ૧૯ મે ૨૦૧૯ | બાબરીયા(ઉના) | શ્રી રાજકોટ ગુરૂકુલ દ્વારા આયોજીત | મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ |
| ૧૭ થી ૨૧ મે ૨૦૧૯ | ટીંબી(ઉના) | શ્રી રાજકોટ ગુરૂકુલ દ્વારા આયોજીત | મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ |
| ૧૯ થી ૨૪ જુન ૨૦૧૯ | ચેન્નાઈ (તામિલનાડુ) | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથાપારાયણ |
| ૨૯ ઓગ. થી ૪ સપ્ટે.૨૦૧૯ | હરિદ્વાર | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | કથાપારાયણ |
| ૬ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ- કાર્તિકી સમૈયો |
| ૨૯ નવે. થી ૫ ડીસે.૨૦૧૯ | વડોદરા હરિનગર | પૂ.શ્રીરંગ સ્વામી દ્વારા આયોજીત | મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ |


કાર્તિકી સમૈયા પ્રસંગે
વડતાલધામને આંગણે
શ્રી વચનામૃત
દ્વિશતાબ્દી મહોત્સવ
તા. ૦૬ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯ વડતાલધામ
કારતક સુદ નોમ થી પૂનમ

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ દ્વારા પ્રકાશીત**

**વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ નિમિત્તે**



**વચનામૃત ભાગ - ૧ થી ૨૫ પાઠ માટે**

દરેક સંતો ભક્તોને જણાવવાનું કે,મંદિર, ગુરૂકુલ,શૈક્ષણિક સંસ્થાન,સત્સંગ મંડળ,
મહિલા મંડળ,યુવક મંડળ વગેરેમાં
વચનામૃતનાં સરળતાથી પાઠ થઈ શકે તે હેતુથી

**વચનામૃતનાં ૧ થી ૨૫ ભાગ પ્રકાશીત કરવામાં આવેલ છે.**

જે વડતાલ મંદિરનાં શ્રી હરિકૃષ્ણ ધાર્મિક સ્ટોરમાંથી પ્રાપ્ત થશે. માટે જે મંડળમાં જરૂર હોય તેમણે મેળવી લેવા.

સંપર્ક :- ૦૨૬૮-૨૫૮૯૭૨૮-૭૭૬



**આણંદ** મુકામે પૂ.સત્સંગભૂષણ સ્વામી દ્વારા આયોજીત સ્મૃતિ મંદિરનાં ૭ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.ન્યાલકરણ સ્વામી તથા ભક્તો. તા.૧૫ થી ૧૭/૨/૨૦૧૯



**વડતાલધામ** મુકામે દર્શનાર્થે પધારેલા શ્રી દિલીપદાસજી મહારાજ (મહંતશ્રી જગન્નાથ મંદિર - અમદાવાદ) નું સ્વાગત અભિવાદન કરતાં ચેરમેનશ્રી દેવપ્રકાશ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી.તા.૧૯/૨/૨૦૧૯



**વડતાલધામ** મુકામ દર્શનાર્થે પધારેલા સાહિત્યકાર શ્રી અનવરભાઈ મીર (વઢવાણ), મયંકભાઈ વ્યાસ (તંત્રીશ્રી નવગુજરાત સમય) એવમ્ શ્રી હરેન્દ્રભાઈ ભટ્ટ (વિદ્યાનગર) તા. ૩/૩/૨૦૧૯



**વડતાલધામ** વચનામૃત પર્વ - ૩ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.સ.ગુ.શ્રી રામકૃષ્ણ સ્વામી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, પૂ.બાપુ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો.તા.૧૯/૨/૨૦૧૯






**જેતપુર (શ્રીજી ગાદીસ્થાન)** મુકામે પૂ.નીલકંઠચરણ સ્વામી દ્વારા આયોજીત ૮૦ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો તથા ભક્તો. તા.૨૦ થી ૨૪/૨/૨૦૧૯










**મોડુસી (કપરાળા-વલસાડ)** મુકામે પૂ.કપીલજીવન સ્વામી દ્વારા આયોજીત શ્રી હનુમાનજી મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા એવં ૧૦૦૦ પરિવારોને હિન્દુ ધર્મમાં વાળી કંઠી ધારણ કરાવી તે પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ચેરમેનશ્રી પૂ.દેવપ્રકાશ સ્વામી, પૂ.કેશવચરણ સ્વામી, પૂ.નૌતમ સ્વામી, પૂ.શ્યામ સ્વામી વગેરે પૂ.સંતો-ભક્તો.તા.૨૧/૨/૨૦૧૯





**વડતાલ** મુકામે મોહરાળા (મહારાષ્ટ્ર) થી પૂ.ભગવતસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ૮૦૦ કિલોમીટર દુર થી પદયાત્રામાં પધારેલા ૧૮૩ ઉપરાંત સંતો-ભક્તોનું સ્વાગત કરતાં પૂ.ધર્મપ્રસાદ સ્વામી, પૂ.નૌતમ સ્વામી, પૂ.ગોવિંદ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી વગેરે સંતો તથા ભક્તો. તા.૨૮/૨/૨૦૧૯











**વડતાલધામ** મુકામે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે વડતાલ સંસ્થાન અને ગુજરાત કલા પ્રતિષ્ઠાન દ્વારા આયોજીત ૧૩ મી કલા શિબિર પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ખેડા જિલ્લા કલેક્ટર શ્રી સુધીરભાઈ પટેલ, ચેરમેનશ્રી દેવસ્વામી, પૂ. નૌતમસ્વામી, પૂ.ગોવિંદસ્વામી, આ.કો. શ્રી સંતસ્વામી, રમણીકભાઈ ઝાપડિયા, શ્રી શૈલેષભાઈ સાવલીયા તથા ૩૩૦૦ કલાલમાં ૩૬૩ ઉપરાંત વડતાલના ચિત્રો તૈયાર કરનાર સમગ્ર ભારતમાંથી આવેલા ૭૩ ઉપરાંત ખ્યાતનામ ચિત્રકારો.


કાર્તિકી સમૈયા પ્રસંગે શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે


શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ


પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ - વડતાલ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ દ્વારા આયોજીત

# ચૈત્રી સમૈયો તથા ૨૩૮ મો શ્રીહરિ પ્રાગટ્યોત્સવ

## ॥ શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ ॥

**પ્રારંભ**
તા. ૧૪/૦૪/૨૦૧૯
ચૈત્ર સુદ-નોમ,
રવિવાર

:: વક્તાશ્રી ::
પ.પૂ.શા. સ્વામી
શ્રી હરિપ્રકાશદાસજી
અથાણાવાળા

:: નિમંત્રક ::
અ.નિ.શા. શ્રી ગોપાલચરણદાસજી સ્વામીનું
શિષ્ય મંડળ ઘાટકોપર મુંબઈ
પ્રેરક : પ.પૂ. સ્વામી રાધારમણદાસ (અથાણાવાળા)



:: કથા સમય ::
સવારે ૮:૩૦ થી ૧૧:૩૦
સાંજે ૩:૩૦ થી ૬:૩૦

LIVE
॥ સદ્વિદ્યા ॥ TV
www.vadtalmandir.org

**પૂર્ણાહુતિ**
તા. ૧૯/૦૪/૨૦૧૯
ચૈત્ર સુદ-પૂનમ
શુક્રવાર

સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સભામંડપ, તા.નડીયાદ, જી.ખેડા.
ફોન : (0268) 2589728, 2589776

RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KHEDA-86/2017-19" Valid up to 31.12.2019. Posted From Vadtal Post Office. on 20th Date of every Month

## સંપ્રદાયની પ્રથમ ઘટના : વડતાલધામમાં વચનામૃત દ્વિશતાબ્દી ઉપક્રમે ૭૨ ચિતારાઓ દ્વારા ચિત્રસાધના ૩૩૦૦ કલાકમાં ૩૬૩ ચિત્રોનું સર્જન

